# વાયડામિત્ર

વર્ષ : ૯૭ અંક : ૫ મે – ૨૦૧૯

કિંમત રૂ ૩૦ (વાર્ષિક)



## વાયડ વિશેષાંક

With Best compliment form

# Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

Address

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**મે - ૨૦૧૯, પ્રત-૧૧૨૬, વર્ષ-૯૭, અંક-૫**

VAYVASET Connecting mutual strengths

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિધ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી)  ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

સી, ૪૦૪, અર્જુન એલીગન્સ, એ.ઈ.સી ક્રોસ રોડ, ભગીરથ સોસાયટી સામે,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩
ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ-મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/- સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

શ્રી નીલાબહેન હરીશભાઈ પરીખ પરિવાર (થાણે, મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# હેમલતાબહેન મૂળજીભાઈ શાહ

**જન્મતા. ૨૨/૭/૧૯૩૦ સ્વ.તા. ૧૬/૪/૨૦૧૯**

**ભૂતપૂર્વ શિક્ષીકા – શારદામંદિર વિનયમંદિર**

**વાયડામિત્ર, તંત્રી, સંવત ૨૦૧૯ થી ૨૦૨૨**



સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

## શ્રધ્ધાંજલિ

## સ્વ. હેમલતાબેન મૂળજીભાઈ શાહ

મુ.શ્રી. હેમલતાબેનના અવસાનના સમાચાર જાણી આઘાતની લાગણી અનુભવી. તેમના પિતાશ્રી શ્રી મૂળજીભાઈને મારા પિતાશ્રી સાથે અંગત સંબંધો હતા. સ્વ. હેમલતાબેનની પ્રતિભાથી ભાગ્યે જ કોઈ અજાણ હોઈ શકે. તેઓ એક સંનિષ્ઠ શિક્ષક હતા. સાહિત્યના ક્ષેત્રમાં તેઓ તેમના પિતાશ્રીની જેમ જ પ્રતિભાશાળી હતા. તેઓ ઉત્તમ લેખક હતા. તેઓએ વાયડામિત્રના તંત્રી તરીકે ૧૯૬૬ થી ૧૯૬૮ સુધી સેવા આપી હતી. વાયડામિત્રને મળેલ પ્રથમ મહિલાતંત્રી તરીકે તેમણે વાયડામિત્રને પોતાની સર્જકતાથી દીપાવ્યુ હતું.

તેઓના નિધનથી જ્ઞાતિએ સંનિષ્ઠ પ્રતિભા ગુમાવી છે. શ્રી સમીરી કામદા દેવી તેઓના આત્માને શાંતિ અર્પે તેમ જ તેમના કુટુંબીજનોને તેમના આશિર્વાદ પ્રાપ્ત થાય તેવી અંતઃ કરણ પૂર્વકની પ્રાર્થના.

**– શશાંકભાઈ આઈ. શાહ**

---

## શ્રધ્ધાંજલિ

## સ્વ. હેમલતાબેન મૂળજીભાઈ શાહ

સ્વ. હેમલતાબેન મૂળજીભાઈ શાહ, ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર, સંવત ૨૦૧૯ થી ૨૦૨૨, ના અવસાનનિમીત્તે વાયડામિત્ર ટીમ તેમને અંતઃકરણપૂર્વક શ્રધ્ધા સુમન અર્પણ કરે છે.

તેઓ એક ઉત્તમ કોટિના શિક્ષિકા તો હતા જ પણ સાથે સાથે સામાજિક જીવનમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર હતું. વાયડામિત્રના તંત્રી તરીકે તેમણે વાયડામિત્રને એક અલગ જ ઉંચાઈ ઉપર પહોચાડયું હતું. પોતાની સર્જકતા, નિખાલસ સ્વભાવ, જ્ઞાતિ માટે કંઈક કરી છૂટવાની તેમની ભાવના માટે તેઓ હંમેશા આપણને યાદ રહેશે. ટીમ વાયડામિત્ર માટે તો તેઓ હંમેશા એક પ્રેરણાસ્ત્રોત્ર બની રહેશે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે તેવી જ પ્રાર્થના.

**– શ્રેણિક પરીખ (તંત્રી અને પ્રકાશક)**
**નિશીથ પરીખ (વ્યવસ્થાપક)**
**દિપક શાહ (સમાચાર સંપાદક)**
**પ્રમોદભાઈ શાહ**

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## સાહિત્યથી સ્વાર્પણની અનન્ય સફર
## સ્વ. હેમલતાબહેન મૂળજીભાઈ શાહ

૫'-૪" ઉંચાઈ, પાતળું શરીર, ધીમી ચાલ, ભાવવાદી આંખો, ચહેરા પર રમતું સદાય સ્મિત, હૃદયમાંથી સતત પ્રગટ થતું ભગવદ્સ્મરણ આટલી વિગતો રજૂ કરીએ એટલે હેમુબહેનનું સૌમ્ય, સ્નેહાળ અને સેવાભાવી ચિત્ર પ્રગટ થાય.

સર્જન ૨૨-૭-૧૯૩૦ – વિસર્જન ૧૬-૪-૨૦૧૯. ૮૯ વર્ષનું દીર્ઘ અને સંતોષની સાથે સાર્થક જીવન જીવી ગયા. પૃથ્વી નામના રંગમંચ પર આવેલો તેમનો રોલ અભૂતપૂર્વ રીતે ભજવી ગયા. તેમની સાથે મારે એવા સંબંધો હતા કે દરેક વિશેષણ નાનું પડી જતું હતું. તેઓની જિંદગી લાર્જર ધેન લાઈફ હતી.

તેમના પુત્ર સમાન નાનાભાઈ ઉદયભાઈ સાથે મારે ચાર દાયકાનો સંબંધ. જેને કારણે મને તેમની નજીક આવવાનો મોકો મળ્યો. આવું પ્રેમાળ વ્યક્તિત્વ બીજે શોધવા જવું પડે તેમ છે.

તેઓ અમદાવાદની શારદા મંદિર વિનય મંદિર શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ભાષા પ્રત્યે તેમનો પ્રેમ હતો. તેમણે માતૃભાષા ઉપરાંત સમાજવિદ્યાનો વિષય વિદ્યાર્થીઓને ત્રીસ વર્ષ ભણાવ્યો. વિદ્યાર્થીઓમાં તેઓ લોકપ્રિય હતા. શિક્ષક હોવું અને વળી લોકપ્રિય હોવું એ જેવી તેવી વાત નથી.

તેમના પિતાશ્રી સ્વ. ડૉ. મૂળજીભાઈ શાહ (જેઓ પણ વાયડામિત્રના તંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે)ના સાહિત્યના સંસ્કારો તેમનામાં ઉતરેલા. આપણા જ્ઞાતિ માસિક વાયડામિત્રના ૧૯૬૪ થી ૧૯૬૬ ત્રણ વર્ષના ગાળા દરમ્યાન તેઓ તંત્રી રહેલા. તેઓ પ્રથમ મહિલા તંત્રી હતા. વળી, પિતા અને પુત્રી બંને જ્ઞાતિમાસિકના તંત્રી હોય તેવો વિરલ સમન્વય જવલ્લે જ કહી શકાય તેવી ઘટના હતી. આ ઉપરાંત તેમના નાનાભાઈ ઉદયભાઈ પણ વર્ષો સુધી વાયડામિત્રના વ્યવસ્થાપક રહેલા તેમજ તેઓની બહેનના પુત્ર હરીશ શાહ (વડોદરા) પણ વાયડામિત્રના તંત્રી રહ્યા હતા. જેઓ આજે વાયકનેક્ટ ઈ-મેગેઝીનના તંત્રી છે. આમ એક જ કુટુંબમાંથી વાયડામિત્રની સેવા કરવાનો અપૂર્વ અવસર સાંપડયો હતો.

વૃદ્ધાવસ્થાનો શ્રેષ્ઠ સમય તેમણે સુંદર રીતે વીતાવ્યો. જીવનમાં સૂર્યાસ્તનો સમય તેમના જીવનનો સુખીમાં સુખી કાળ હતો.

જ્યારે અમે મળીએ ત્યારે સદાય 'શ્રી વલ્લભ'ની વાત જ હોય. દુન્યવી વાતોની ચર્ચાને ક્યારેય સ્થાન ન હતુ. તેમણે ભગવદ્ગીતાના સ્થિતપ્રજ્ઞતાના ગૂણો

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

ધારણ કરેલા. તેઓ નિસ્પૃહી, નિ:સ્વાર્થી, નિષ્કામી, નિર્દંભી અને નિખાલસતાથી ભરપૂર હતા.

તેમની આંખોમાં સતત કુટુંબ પ્રેમ ડોકતો હતો. વિશાળ કુટુંબને ઠરીઠામ કરવામાં તેમનો ફાળો બહુમૂલ્ય હતો. તેઓ આજીવન અપરિણિત રહેલા.

તેઓ ભરપૂર જીવ્યાં. તેઓ એવું તો જીવન જીવ્યાં કે મૃત્યુ હારી ગયું. તેઓ શોખથી જીવ્યાં અને શાનથી મૃત્યુ પામ્યાં. કદાચ આને જ જિંદગી કહેવાતી હશે. જે કામ એમને ગમ્યું તે તેમણે પ્રેમથી અને સભાનતાથી કર્યું.

મને અત્યારે તીવ્રતાથી સ્વ. પુષ્પાબહેન મહેતાનું સ્મરણ થાય છે. સ્વ. હેમુબેન અને સ્વ. પુષ્પાબહેન બંને વાયડમિત્રના તંત્રી હતા, બંને શિક્ષક હતા, બંને અપરણિત રહ્યા અને બંનેએ કુટુંબને સ્થિર કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો.

તેઓનું જીવન, કણ અને ક્ષણની વચ્ચે અભ્યારણ્ય બનીને કુટુંબની પરંપરામાં વ્યક્ત થયું. તેઓ સહનશીલતાના આદર્શ સમાન હતા. તેમણે સંઘર્ષ અને સદ્‌વિચારનો સમન્વય સાધીને, સૌને એકસૂત્રતામાં બાંધી, પ્રેમનો પાદુર્ભાવ કર્યો. તેમનું જીવન જીવતું જાગતું સ્નેહનું મંદિર હતું. તેઓ આજીવન અંતર્મુખ રહ્યા. તેઓ સંન્નિષ્ઠ વ્યક્તિત્વ, સપ્રમાણ વિચારધારા અને સ્વયં પર નિષ્ઠાના માલિક હતા. તેઓ સાદગી અને સમર્પણની ભાવનાનું ઉત્તમ પ્રતિક બની રહ્યા. નિર્બંધ પ્રેમ અને નિસ્વાર્થ સ્વાર્પણ તેમની પ્રકૃતિ હતી.

પ્રભુ તેઓને પોતાના ચરણોમાં રાખશે એ બાબતે શંકા નથી. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુ:ખ સહન કરવાની શક્તિ પ્રભુ અર્પે એ જ પ્રાર્થના.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ :

**– હિમાંશુ શાહ, પૂર્વ તંત્રી, વાયડામિત્ર**

## GOOD PEOPLE

1 . Good People are like Candles they burn themselves to give light to others.
2. Good people make world special just by being in it.
3. Beautiful people are not always good but good People are always beautiful.
4. Good people bring out good in others.

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

## પહેલી આંગળી



અંગ્રેજી માં એને કહે Index finger, સ્વદેશીમાં એને તર્જની...
છે જોશ એમાં કોક ને નજદીક બોલાવવાની,
તો છે એમાં તાકાત કોકની દૂર હડસેલવાની,
કોક એ એના નામ ને અપનાવ્યું, તો કોક એ એને નંગ થી મઢયું,
પાંચ આંગળીઓમાં, વટ છે આ પહેલી આંગળી નો....
ભાષણમાં શબ્દો સાથે ની રમત માં, છે ખુમારી આ પહેલી આંગળીની,
કોઈ પ્રશ્ન નો આપવો હોય ઉતર, કે હોય પતંગ–દોરી સાથે ની દોસ્તી,
જમવાના ટેબલ પર વેઈટર ને આકર્ષવા, કે હોય દૂર ની દિશા વસ્તુ સૂચવવા,
છે આ પહેલી આંગળીની કરામત....
અહમ ત્યજી ને પણ વાંકી વળી ને, ઠરીઠામ થયેલ ઘી માં જ્યારે એ સમાતી,
તો શું એની કમર દર્દ નહિ કરતી હોય?....
શબ્દો ની ઝપાઝપીમાં અહમ ના સરવાળા થી, તેને તો જોઈ લઈશ થી શરૂ કરીને,
કેટલાય ના શરીર કે ઘર ભાંગવા નો, આરોપ એટલે આ પહેલી આંગળી....
સ્પર્ધાના ઈનામ માં જયારે એ ઉંચકાતી, ત્યારે એ ગર્વ થી લહેરાતી,
અંગુઠા અને તર્જની સાથે, થયો જયારે કલમ નો સહવાસ,
ત્યારે તો રચી શક્યો આ કવિતા....
એકલી અટૂલી આ પહેલી આંગળી ને,
ન કોઈ માન, ન કોઈ અભિમાન, જાણે First ladyજેવો, First finger નો ઠાઠ....
જમોડી હોય કે ડાબોડી, આજે એના વટ ને બિરદાવવા,
આપ્યો છે ડાબા હાથની પહેલી આંગળીને, અનોખો શણગાર,
ને મતદાન માં વિરલ માન...
પહેલી પહેલી વાર રચી છે, પહેલી આંગળી ની આ દાસ્તાન

**– ડો. રાકેશ પરીખ, અમદાવાદ**

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# હરિકેન



હરિ, પરમપિતા, પરમાત્મા, ભગવાન, ઈશ્વર, અલ્લાહ, રબ જે કહે તે "અખીલ બ્રહ્માંડમાં એક જ તું શ્રી હરિ" એજ હરિ સર્વ શક્તિમાન છે. એના અનંત રૂપ છે. એ આપણા દેહમાં અદ્રશ્યરૂપે બિરાજે છે. આપણે એને આત્મજ્ઞાનથી પીછાણશું તો પ્રભુને બીજે ક્યાંય શોધવા જવાની જરૂર નથી. થોડા સમય પહેલાં અમેરીકામાં એક વાવાઝોડુ આવ્યું એનું નામ હતું હરિકેન સેન્ડી. મને તો આ વાવાઝોડાનું નામ ખૂબ જ પસંદ પડ્યું. આ નામ અર્થ સભર છે અને આપણી માનવજાતને ઘણું બધું કહી જાય છે. મને વિચાર આવ્યો કે "હરિકેન સેન્ડી" આ નામનું અર્થઘટન કરીએ તો કેવું ? હરિ(પરમાત્મા) અને અંગ્રેજીમાં કેન-કરી શકવુ તો હરિ શું નથી કરી શકતા. કુદરત (હરિ) જ્યારે રૂઠે છે ત્યારે બધું જ સર્વનાશ, તહસ-નહસ થઈ જાય છે અને લાચાર માનવી કુદરત સામે વામણો પુરવાર થાય છે.

જેમણે પણ આ વાવાઝોડાંનું નામ હરિકેન રાખ્યું હશે તેમણે કયા ઈરાદાથી રાખ્યું હશે તે આપણે જાણતા નથી. અંગ્રેજોએ હરિકેનનું નામ "ગૉડ કેન" રાખ્યું હોત તો મને કદાચ લખવાનો વિચાર જ ના આવ્યો હોત. પરંતુ હરિ એ હરિ (પરમાત્મા) જ રહેવાના. આપણા હિન્દુઓ આજીવીકા મેળવવા પરદેશ વસે છે. પરંતુ હરિને સાથે જ રાખે છે. પરદેશમાં પણ મંદિરો, દેવસ્થાન બનાવી આસ્થાની અખંડ જયોત રાખી શ્રધ્ધા ભાવથી ભજે છે. આવી છે આપણી હિન્દુ સંસ્કૃતિ. બ્રહ્માંડનું કોઈપણ સ્થાન - અથવા તો વિશ્વનો કોઈ પણ દેશ હોય કુદરતનો કોપ ગમે ત્યારે ગમે તે સ્થળે ઉતરે છે. હરિકેન (વાવાઝોડા)એ અમેરિકામાં ભારે વિનાશ સર્જી લોકોને તારાજ કરી નાખ્યું. હરિની સામે સૌની હાર છે. તેની લીલા આજ સુધી કોઈ જ કળી શક્યું નથી. કલિયુગમાં લોકો ધર્મ કરતાં સાયન્સ ટેકનોલોજીને પ્રાધાન્ય આપે છે. સાચો ધર્મ નહીવત્ થઈ ગયો છે. પરંતુ આવા કુદરતી કોપ પૃથ્વી પર ઉતરે છે - ત્યારે માનવી પણ વિચારતો થઈ જાય છે. રોજબરોજ માનવી કોઈપણ કારણસર આકસ્મીક મૃત્યુનો ભોગ બને છે. ત્યારે આપણને થાય છે કે આજે લોકોને નીતનવી ટેકનોલોજી દ્વારા સુખ સગવડ તો મળ્યાં છે પણ માનવી ભીતરથી અશાંત છે. લોકો સામે આજે જીવન જીવવા માટેના લાખો પ્રશ્નો ઉભા છે. આ સર્વ પ્રશ્નોના ઉકેલ શસ્રો કે લડાઈ થકી આવવાના નથી. માનવી માનવી થી જ સલામત નથી. હવે આપણે જાગૃત થઈ સત્ય, અહિંસા અને શાંતીના સંગીત દ્વારા માનવતાનું મંગળગીત ગાવું પડશે. હરિ (ઈશ્વર) સૌને સદ્બુદ્ધ આપે એ જ પ્રાર્થના.

**- પ્રવીણાબેન જગતભાઈ દલાલ, મુંબઈ**

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ - મુબઈ)જય શ્રી કૃષ્ણ.

# વૈષ્ણવ છે મહાન

એક ગામમાં દેવીના એક પરમ ઉપાસક રહેતા હતા. દેવીની કૃપાથી તેમણે સિધ્ધી હાંસલ કરી હતી કે તેઓ જ્યારે પણ દેવીના જાપ કરે અને એમનું આહ્વાન કરે ત્યારે દેવી પ્રત્યક્ષ પ્રગટ થઈને એમને સાક્ષાત્ દર્શન આપતા.

એક દિવસ શ્રી ગુંસાઈજીના સેવક ચાચા હરિવંશજી અને બે વૈષ્ણવો શ્રી ગુંસાઈના દર્શન કરવા જવા માટે નીકળ્યા હતા. રસ્તામાં રાત પડી ગઈ અને એક ગામ આવ્યું. તેઓ ત્રણે જણા એક ઘરની પરસાળમાં રોકાયા. એ ઘર પેલા પરમ દેવી ઉપાસકનું જ હતું. મોડી રાત્રે દેવી ઉપાસકે દેવીના જાપ શરૂ કર્યા અને તેમનું આહ્વાન કર્યું, પરંતુ દેવી પ્રગટ થયા નહિ. ઉપાસકે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ દેવી પ્રગટ ન જ થયા. એમ કરતા સવાર પડી. દેવી ઉપાસકે ફરીથી જાપ કરી દેવીનું આહ્વાન કર્યું ત્યારે દેવીને ચાલતા–ચાલતા એમની પાસે આવતા જોયા. ઉપાસક તરત જ દેવીના પગમાં પડયા અને દેવીને પૂછયું, “આપ ગઈ રાત્રે કેમ પ્રગટ થયા ન હતા ?” દેવી બોલ્યા, “ગઈ રાત્રે તમારી પરસાળમાં ત્રણ વૈષ્ણવો સૂઈ ગયા હતા. ઘણી ગરમી હોવાથી એમની ઉંઘમાં ખલેલ ન પડે એ માટે હું એમને પવન નાખી રહી હતી.” આ સાંભળી ઉપાસક બોલ્યો : “હે દૈવી ! આપ મહાન કે વૈષ્ણવ મહાન ?” દેવી : “વૈષ્ણવ મહાન છે, કારણ કે વૈષ્ણવના રોમ–રોમમાં પ્રભુ વસે છે. પ્રભુ વૈષ્ણવોની પાછળ દોડે છે. જેની પાછળ પ્રભુ ખુદ દોડતા હોય એ જ મહાન.” ઉપાસક : “હે દૈવી ! મારે એ વૈષ્ણવોને મળવું છે. શું તેઓ મને મળશે ?” દેવી : “હા, તમે દોડતા જાવ, હજુ એ લોકો બહુ દૂર નહિ પહોંચ્યા હોય. ગામની બહાર એ વૈષ્ણવો તમને મળી જશે.” ઉપાસક દોડતા ગયા. ગામથી થોડે દૂર તેમને ચાચા હરિવંશજી અને બે વૈષ્ણવો મળ્યા. એમણે ચાચા હરિવંશજીને વંદન કરીને કહ્યું કે, “મારે વૈષ્ણવ થવું છે.” ચાચા હરિવંશજી : “એના માટે તો તમારે શ્રી ગુંસાઈજીના સેવક થવું પડે. એમની કૃપા હોય તો તમે જરૂર વૈષ્ણવ થઈ શકો.” ઉપાસક કંઈ બોલ્યા નહિ એટલે ચાચા હરિવંશજીએ એક ઉપરણો પેલા ઉપાસકને આપ્યો. એ ઉપરણો એમણે ઘરની એક ખીટીં પર ભરવી દીધો. થોડીવાર પછી એમના ઘેર બે મહેમાન આવ્યા. એટલામાં પવનનું એક ઝોકુ આવ્યું અને ખીંટી ઉપરનો ઉપરણો ઉપાસકના ગળામાં આવીને ભરાઈ ગયો. એમ થતા જ ઘેર આવેલા બંને મહેમાનોમાં ઉપાસકને કોઈ જાનવરનો ચહેરો દેખાયો. એમને બહુ જ નવાઈ લાગી. પછી ઉપરણો ગળામાં ભરાવી તેઓ ગામમાં આંટો મારવા નીકળ્યા. ત્યાં બધા લોકોમાં એમને કોઈ ને કોઈ જાનવરનો જ ચહેરો દેખાયો કારણ કે દરેકે કોઈ ને કોઈ પાપ કર્યું હશે. એટલામાં સામેથી આવતા બે માણસોને એમણે જોયા. માણસો દેખાતા જ તરત ઉપાસકે તેમની પાસે જઈ તેઓને પૂછયું, “આપ કોણ છો ?” પેલા બંને માણસો બોલ્યા, “અમે વૈષ્ણવ છીએ” અને ઉપાસક વૈષ્ણવોની મહાનતા સમજી ગયા. –

– ભરત એમ. શાહ, અમદાવાદ

## MICROSOFT – વિશ્વની સહુથી મોટી સૉફ્ટવેર કંપની



બ્રાન્ડથી સુપરબ્રાન્ડ સુધીની સફરમાં આજે આપણે વિશ્વની નંબર વન સૉફ્ટવેર કંપની "MICROSOFT" વિશેની માહિતિ મેળવીશું અને જેને બીજું "WINDOWS"ના નામથી પણ ઓળખવામાં આવે છે. જેની લોકપ્રિયતા કોઈ એક પ્રોડક્ટ પર આધારિત નથી. તેની લોકપ્રિયતા તો સોફ્ટવેર સેગમેન્ટ પર ટકેલી છે. જેમાં OPERATING SYSTEM નો સમાવેશ થાય છે.

શરૂઆતમાં " MICRSOFT" નું મિશન સ્ટેટમેન્ટ હતું "ઘરે ઘરમાં દરેક ડેસ્ક પર એક કમ્પ્યુટર, જેના પર માઈક્રોસોફટનો સૉફ્ટવેર ચાલતો હોય." મોટેભાગે આજે પણ મોઈક્રોસોફટનું મિશન એ જ છે. જ્યારે આખી દુનિયા કમ્પ્યુટર હાર્ડવેરની પાછળ પાગલ હતી, ત્યારે એક વ્યક્તિ એવી હતી જેને સૉફ્ટવેર પર ધ્યાન કેંદ્રિત કર્યું હતું. જેનું નામ છે. "BILL GATES" (જન્મ: ૧૯૫૫) અને એ જ કારણ છે કે આજે તેઓ ધનવાનોની લિસ્ટમાં ટોપ પર છે. માઈક્રોસોફટએ આટલી વિરાટ કંપની હોવા છતાય કોઈ મહાન શોધ નથી કરી. જેમકે પહેલું પર્સનલ કમ્પ્યુટર એપલે બનાવ્યું, પ્રારંભિક વેબ બ્રાઉઝર નેટસ્કેપે બનાવ્યું, હોટમેલ સબીર ભાટિયાનીએ શરૂ કર્યું જે ભારતીયો માટે ગર્વની વાત છે, તેવી રીતે માઈક્રોસોફટે કોઈ ક્રાંતિકારી શોધ નથી કરી અને તેની VISTA જેવી પ્રોડક્ટસ નિષ્ફળ પણ ગઈ છે. તેમ છતાય આજે તે દુનિયાના TOP બ્રાન્ડમાં સમાવેશ થાય છે. તેની પાછળનું માત્ર એક જ કારણ છે કે તેને દૂરંદેશી વાપરીને શોધોને ખરીદી અને તકોનો લાભ લીધો છે. માઈક્રોસોફટે શરૂઆતથી જ તક પારખીને તેને ઝડપવાની આવડતનો પરિચય કરાવ્યો. જયારે IBM પોતાનું પહેલું કમ્પ્યુટર બનાવી રહ્યું હતું ત્યારે બિલ ગટ્સે રોયલ્ટી ઉપર OPERATING SYSTEM આપવાનો સોદો કરી લીધો. રસપ્રદ વાત તો એ હતી કે તે સમયે માઈક્રોસોફ્ટ પાસે કોઈ OPERATING SYSTEM હતી જ નહીં. આઈબીએમ સાથે સોદો કર્યા પછી માઈક્રોસોફટે સીએટલ કમ્પ્યુટર પ્રોડકટસ નામની કંપની પાસેથી ક્યૂ-ડોસ OPERATING SYSTEM 50000 ડોલરમાં ખરીદી લીધું અને તેને એમએસ-ડોસ નામથી આઈબીએમ ને આપી દીધી. આ પ્રોડકટસ અને સોદાથી માઈક્રોસોફટના નસીબના દરવાજા ઊઘડી ગયા.

જયારે 1990 દશકામાં ઈન્ટરનેટ ક્રાંતિ શરૂ થઈ ત્યારે માઈક્રોસોફટ પાછળ રહી ગયું. જયારે નેટસ્કેપ બ્રાઉઝરની લોકપ્રિયતા વધી, ત્યારે ગેટ્સે સ્પાઈગ્લાસ નામની કંપની પાસેથી મોઝેક બ્રાઉઝર ટેકનોલોજી ખરીદીને ઈન્ટરનેટ એકસપ્લોરર બજારમાં

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

રજૂ કરી દીધું. તે ઉપરાંત માઈક્રોસોફ્ટે વેબ ટીવી, ઈશોપ્સ, હોટમેલ અને FRONT PAGE HTML EDITING સોફ્ટવેરના મૂળ નિર્માતા વર્મિયરને પણ ખરીદી લીધા. આ રીતે એમએસ–ડોસથી માંડીને હોટમેલ સુધી મોટાભાગની પ્રોડક્ટસ માઈક્રોસોફ્ટે પોતે શોધી નથી પણ ખરીદી છે. માઈક્રોસોફ્ટએ બીજાની સફળતાનો જેટલો લાભ લીધો છે એટલો લાભ આજ સુધી બીજી કોઈ સોફ્ટવેર કંપની એ નથી લીધો અને તેથી જ દુનિયાના કુલ SOFTWARE OPERATING SYSTEM MARKET માં 80% થી 90% MARKET MICROSOFT ની PRODUCT નો છે. MICROSOFT ની PRODUCTSમાં સૌથી લોકપ્રિય OPERATING PRODUTS છે. MS OFFICE જે લગભગ બધે જ ઉપયોગ થાય છે. જેમાં MS WORD, EXCEL, POWERPOINT, ACCESS, OUTLOOK જેવી PRODUCTS નો ઉપયોગ થાય છે અને તેમાં પણ સૌથી લોકપ્રિય અને ખૂબ જ ઉપયોગી પ્રોડક્ટસ છે EXCEL. જેનો સૌથી વધારે ઉપયોગ કંપનીઓમાં થાય છે અને આખું SOFTWAREએક LOGIC ઉપર WORK કરે છે અને MICROSOFTનું એવું કહેવું છે કે જે પણ વ્યક્તિ EXCELમાં પૂરેપૂરી માસ્ટરી મેળવે છે તે વ્યક્તિ પછી નોકરીમાં ક્યારેય નિષ્ફળ જતો નથી. બીજી લોકપ્રિય PRODUCTS છે POWERPOINT. આ SOFTWARE, કંપનીમાં PRESENTATION માટે કામમાં આવે છે અને આ SOFTWAREની મદદથી તમે કંપનીના DATA તથા તેની DETAILS ને સરળતાથી MEETING માં PRESENTATION કરી શકો છો.

માઈક્રોસોફ્ટની કંપનીમાં અંદાજે 124000 કર્મચારીઓ કામ કરે છે. માઈક્રોસોફ્ટની MARKET VALUE 702.6 બિલિયન ડોલર છે અને MARKET VALUE પ્રમાણે COMPANY દુનિયામાં ૩ નંબર ઉપર આવે છે જ્યારે આવક ૮૯ બિલિયન ડોલર છે અને નફો ૨૧.૨૦ બિલિયન ડોલર છે. 2017માં માઈક્રોસોફ્ટે ૨૬.૨% નફો કર્યો હતો તથા નફાની દ્રષ્ટિએ ૩૦માં સ્થાને આવે છે. કંપનીના SHAREનું LISTING 13 March, 1986 નાં રોજ કરવામાં આવ્યું ત્યારે એક શેરની કિંમત $21 હતી જે આજે $110 છે.

આજે MICROSOFT COMPANY ના CEO SATYA NADELLA છે જે મૂળ ભારતીય છે જે ભારતીયો માટે ખૂબ જ ગર્વની વાત કહેવાય. બિલ ગેટ્સ ધનવાનોની યાદીમાં દુનિયામાં 92.2 બિલિયન ડોલરની સાથે ૨ નંબર ઉપર છે.

MICROSOFT ની OS SYSTEM માં WIN 95, XP, VISTA, WIN7, WIN8 અને LATEST OS SYSTEM WIN 10 (જે WIN 7 અને WIN 8 નું COMBINATION છે.) નો સમાવેશ થાય છે આજે સૌથી વધારે જો કોઈ OS SYSTEM લોકપ્રિય હોય તો તે છે XP. પછીનું OS SYSTEM WINDOWS 7 છે. જયારે WINDOWS 10 એ MICROSOFT નું LATEST UPGRADE OS SYSTEM છે પણ થોડુક જટીલ છે જે સામાન્ય લોકો માટે સમજવુ અઘરું છે.

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

બ્રાન્ડ મેનેજમેન્ટના પાઠ :

૧. બિલ ગેટ્સે જ્યારે આઈબીએમના કમ્પ્યુટર્સને OPERATING SYSTEM આપી ત્યારે આઈબીએમ તેમણે એક સાથે પૂરી રકમ ચૂકવીને તેણે ખરીદવા ઈચ્છતી હતી, પણ ગેટ્સ રોયલ્ટીની વાત પર મક્કમ રહ્યા અને તેમણે બીજી કંપનીઓને OS SYSTEM LICENCE મેળવવાના અધિકારો પણ પોતાની પાસે જ રાખ્યા. આ નાની એવી વાતનું મહત્વ આઈબીએમને ત્યારે સમજાયું નહીં અને જયારે સમજાયું ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હતું. ત્યાર બાદ માઈક્રોસોફ્ટે બીજી કંપનીઓને OPERATING SYSTEM દઈ પૈસાની કમાણી પણ કરી અને પોતાની પ્રોડક્ટસ લોકપ્રિય પણ બનાવી.

૨. બિલ ગેટ્સે શરૂઆતમાં પોતાની OPERATING SYSTEM અને સૉફ્ટવેર મફતમાં વ્હેચ્યાં હતા કારણકે તેઓ તેમને લોકપ્રિય બનાવવા માગતા હતા. માઈક્રોસોફ્ટનું લક્ષ્ય સ્પષ્ટ હતું – લોકોને માઈક્રોસોફ્ટ સૉફ્ટવેરની ટેવ પાડી દો, પૈસા તો પછી પણ કમાઈ લેવાશે અને તેવી સ્થિતિ બની ગઈ છે. એપલ કંપનીએ પોતાની સોફ્ટવેર અથવા OPERATING SYSTEM ને પોતાના કોમ્પ્યુટર/પ્રોડક્ટસ સુધી જ સીમિત રાખ્યા અને બીજા કમ્પ્યુટર ઉત્પાદકોને LICENCE પણ નથી આપ્યા. એ કારણે એપલની OPERATING SYSTEM અને સોફ્ટવૅર વધારે સારા હોવા છતાંય લોકપ્રિય બની ન શકયા.

૩. બિલ ગેટ્સે એકવાર કહ્યું હતું કે " હું જયારે પણ SOFTWARE ENGINEERS/ TECHNICIANSની પસંદગી કરીશ તો સૌ પ્રથમ ભારતમાંથી જ કરીશ કારણકે જો હું તેમ નહીં કરું તો ભારતમાં બીજી MICROSOFT COMPANY નો જન્મ થઈ જશે." અને તેમણે બીજું એમ પણ કહ્યું હતું કે " હું અઘરું કામ કરવા માટે સૌ પ્રથમ આળસુ વ્યક્તિની જ પસંદગી કરીશ, કારણકે તેવા લોકો તેમાં પણ કંઈક ને કંઈક SHORTCUTકાઢીને કામને સહેલું બનાવી નાખશે."

રસપ્રદ તથ્ય :–

24 ઓગસ્ટ, 1995 ના રોજ અડધી રાત્રે ગ્રાહકો કમ્પ્યુટર્સ સ્ટોરની સામે લાઈન લગાવીને ઉભા રહેતા હતા જેથી તે એ દિવસે રીલીઝ થનાર WINDOWS 95ને ખરીદી શકે. પહેલા 5 અઠવાડીયામાં જ તેની 7 મિલિયન (70 લાખ) કોપી વેચાઈ ગઈ. WINDOWS 95એ માઈક્રોસોફ્ટની બેસ્ટ સેલિંગ પ્રોડક્ટ હતી.

– રોનક પ્રફુલભાઈ શાહ, ભુજ–કચ્છ
(સંકલન : "વિશ્વવ્યાપી સુપરબ્રાન્ડ" માંથી)

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## સંકલ્પ ટ્રેનીંગ સેન્ટર (નવલિકા)

સુજાતા એકીટસે સમીર સામે જોઈ રહી હતી. સંકલ્પ ટ્રેનીંગ સેન્ટરની ઓફિસમાં તેઓ બંને બેઠા હતા. સમીરની નજર એક ફાઈલમાં હતી. સુજાતાને કલ્પના પણ ન હતી કે સમીર એના કાકાનો પ્રસ્તાવ મોઢા મોઢ જ અસ્વીકાર કરશે. સમીરના કાકા થોડીક ક્ષણો પહેલા જ એમની ઓફિસમાં આવ્યા હતા અને એક વગદાર વ્યક્તિનું માગુ સમીર માટે લાવ્યા હતા.

સમીર આશરે ૩૦ વર્ષનો યુવક હતો. તેના માતા-પિતા પાંચેક વર્ષ પહેલા પરલોક સિધાવ્યા હતા. તેની માતાની બહુ જ ઈચ્છા હતી કે એમની હાજરીમાં જ સમીરના લગ્ન થઈ જાય, પરંતુ સમીરનું ઓછું ભણતર અને એમની નબળી આર્થિક સ્થિતિના કારણે સમીર માટે કોઈ માગા આવતા નહોતા. કદાચ એ જ ચિંતામાં સમીરના માતા-પિતા ગુજરી ગયા હશે. સમીર ગ્રેજ્યુએટ થઈ શક્ય નહોતો. પરંતુ કોમ્પ્યુટરની ટ્રેનીંગ લઈને તે એક ખાનગી કંપનીમાં ડેટા ઓપરેટર તરીકે કામ કરતો હતો. એણે અનુભવ્યું હતું કે યોગ્ય ટ્રેનીંગના અભાવે ઘણા યુવક-યુવતીઓ યોગ્ય જોબ મેળવી શકતા ન હતા. ત્રણ વર્ષ પહેલા પોતાને એક મિત્રની સહાયથી એણે એક ટ્રેનીંગ સેન્ટર ખોલવાનું નક્કી કર્યું. આ ટ્રેનીંગ સેન્ટર તેણે એક N.G.O. તરીકે ખોલ્યું કે જેથી તે જરૂરતમંદોને મફત ટ્રેનીંગ આપી શકે. શરૂઆતમાં તેણે કોમ્પ્યુટર અને સીવણની ટ્રેનીંગ આપવાનું શરૂ કર્યું. પોતાની જોબ ચાલુ રાખી સવારના અને સાંજના સમયે તે ટ્રેનીંગ સેન્ટરમાં દેખરેખ રાખતો. શરૂઆતમાં તેણે બે શિક્ષકો રાખ્યા જે બપોરના સમયે ટ્રેનીંગ આપી શકે. તેના આ કાર્યમાં કોઈ જ સ્વાર્થ ન હતો. તેથી એક વર્ષના ટૂંકા ગાળામાં તો તેની ખ્યાતી સમગ્ર શહેરમાં ફેલાઈ ગઈ. ટ્રેનીંગ પુરી કર્યા બાદ વિદ્યાર્થીઓને યોગ્ય જોબ મળી રહે અથવા સ્વતંત્ર વ્યવસાય કરી શકે એ માટેની વ્યવસ્થા પણ સમીર કરતો હતો. પછી ધીમે-ધીમે તેની સંસ્થાને દાન પણ મળવાનું શરૂ થયું. ત્યારબાદ તો ટ્રેનીંગ લેવા આવનારની સંખ્યા પણ ખૂબ વધી ગઈ. એક દાતાની સહાયથી સમીરે એક મોટું મકાન લઈ ત્યાં ટ્રેનીંગ સેન્ટર શરૂ કર્યું.

સુજાતા એક દિવસ તેના સેન્ટરમાં આવી અને પોતે કોમ્પ્યુટરની ટ્રેનીંગ લેવા ઈચ્છે છે એમ સમીરને જણાવ્યું. સાથે-સાથે એણે એમ પણ જણાવ્યું હતું કે પોતે આર્થિક રીતે સક્ષમ ન હોવાથી ફી ચૂકવવા શક્તિમાન નથી. સમીરે કહ્યું કે "ચિંતા ના કરશો. અહીં કોઈ ફી લેવામાં આવતી નથી અને ટ્રેનીંગ પુરી કર્યા બાદ સરકારી પરીક્ષા આપવા માટે બધી વ્યવસ્થા પણ કરવામાં આવે છે. તેમાં પાસ થયેથી એક સર્ટીફીકેટ પણ અપાશે. જો ચીવટપૂર્વક ટ્રેનીંગ લીધી હશે તો જરૂર પાસ થઈ જવાશે. ત્યારબાદ જોબ કરવા માટે પણ યોગ્ય વ્યવસ્થા કરીશું." એક વર્ષમાં સુજાતાએ સર્ટીફીકેટ પણ મેળવી લીધું. ત્યારબાદ સુજાતાએ સમીરને જણાવ્યું કે, "જો તમારે આ ટ્રેનીંગ સેન્ટરમાં શિક્ષકની જરૂર હોય અથવા વહીવટી કામ માટે માણસની જરૂર

હોય તો હું તે માટે તૈયાર છું.” સમીરને માણસોની જરૂર તો હતી જ. સુજાતાની ચીવટ અને હોશિંયારીથી તે પ્રભાવિત પણ થયો હતો. સમીરે તેને પૂછયું કે “તમે પગાર શું લેશો” ત્યારે સુજાતાએ જણાવ્યું કે, “તમે જે આપશો તે લઈ લઈશ. જો કે મારે મારા માતા–પિતા અને મારું ગુજરાત ચલાવવાનું છે, પરંતુ હું તમારા આ ઉમદા કાર્યથી ખૂબ પ્રભાવિત થઈ છું અને તેથી સમયનો થોડો ભોગ આપીને પણ હું અહીં કામ કરવા તૈયાર છું.” સમીરે કહ્યું, “તમારી ઉમદા ભાવનાથી હું પણ પ્રભાવિત થયો છું. મારે પણ વિશ્વાસપાત્ર માણસની જરૂર છે. તમે આજથી જ કામે લાગી જાવ. તમારા કહેવા પ્રમાણે તમે આ સંસ્થાને તમારી પોતાની જ માનો છો, તેથી ટ્રેનીંગના કાર્યમાં અથવા વહીવટી કાર્યમાં કે બંને કાર્યોમાં તેમને જ્યારે અનુકૂળ હોય ત્યારે તમારી સેવાઓ આપજો.”

સુજાતાએ કહ્યું “સારું હું જે બનશે એ કાર્ય ચોક્કસ કરીશ.” ધીમે–ધીમે સુજાતા એન સમીર વચ્ચે અંગત વાતો પણ થવા લાગી. ત્યારે જ સુજાતાને ખબર પડી કે સમીર ઘરમાં એકલો જ રહેતો હતો અને આ સેવાકાર્યોના કારણે તેનું જમવાનું પણ નિયમીત ન હતું. જો કે સમીરને એ વાતનો કોઈ રંજ ન હતો. તેણે તો આ સંસ્થાને જ પોતાનું સર્વસ્વ માની લીધું હતું. સુજાતાને કોઈકવાર વિચાર આવતો કે પોતે સમીર સાથે લગ્ન કરી લે કે જેથી એની ઘણીબધી સમસ્યાઓનો અંત આવી જાય. પરંતુ સમીરને આ વાત કરવાની હિંમત એ કરી શકે એમ ન હતી. સમીરે પણ એ અંગે કશું વિચાર્યું ન હતું. જો કે સુજાતાના આવ્યા પછી સંસ્થા ઘણી આગળ વધી હતી અને આખા શહેરમાં સંસ્થાનું અને સમીરનું નામ ગુંજવા લાગ્યું હતું. એમ ને એમ થોડા દિવસો નીકળી ગયા.

એક દિવસ સમીરના કાકા એમની ઓફિસમાં આવ્યા. સમીર અને સુજાતા પોત–પોતાના કાર્યોમાં વ્યસ્ત હતા. સમીરે કાકાને આવકાર આપ્યો. કાકાએ વાત શરૂ કરી, “સમીર મારી પાસે બહુ સમય નથી. હું એક અગત્યની વાત લઈને આવ્યો છું. આપણા શહેરની કોર્પોરેટરની દિકરીનું માગું તારા માટે લાવ્યો છું. કોર્પોરેટર સાહેબે સામેથી મને આ વાત કરી છે. તેથી આવતીકાલે આપણે બધા મળવાનું ગોઠવીએ. રાત્રે ૮.૦૦ વાગ્યાનો સમય તને અનુકુળ છે ને ?” સમીરે કહ્યું “કાકા માફ કરજો મારે આ અંગે કોઈ વાત કરવી નથી. મારા માતા–પિતાની હાજરીમાં તમે હંમેશા કહ્યા કરતા હતા કે, ‘તને કોઈ છોકરી આપશે નહિ કારણ કે તું ભણ્યો નથી અને પૂરતું કમાતો પણ નથી.’ હવે આજે જ્યારે મારા નામનો ડંકો વાગે છે, મારી સંસ્થાનું નામ ગુંજે છે ત્યારે તમે આ માગુ લઈને આવ્યા છો? મારા માતા–પિતાની હાજરીમાં જો કોઈ માગુ લાવ્યા હોત તો તેઓ પણ ખુશ થાત અને એમની ઈચ્છા પણ પૂર્ણ થાત. ફરીથી હું તમારી માફી માંગું છું. હવેથી લગ્નનો કોઈ પ્રસ્તાવ મારા માટે લાવતા નહિ. મારે જો

લગ્ન કરવા હશે તો હું સુજાતા સાથે જ લગ્ન કરીશ.”

સુજાતા ધ્યાનથી સમીરની વાત સાંભળતી હતી. પોતે પણ ખુશ થઈ. આખરે એની ઈચ્છા ફળશે ખરી. કાકા તો તરત જ ચાલ્યા ગયા હતા અને સમીર એક ફાઈલ વાંચી રહ્યો હતો. સુજાતા એકીટશે એને જોઈ રહી હતી.

**ઝલક ડી. તલાટી, અમદાવાદ**

## હવે લ્યો જવાબી થૈ’ગયાં

કરકરાં હતાં અમે... હવે લ્યો મુલાયમ થૈ’ગયાં....
નફકરાંય હતાં અને... હવે લ્યૌ જવાબી થૈ’ગયાં....
બેફિકર બની અહીતહીં... અમે કેવાં તે ફરતાં હતાં...
સૂકાં ડાળપાંદ હોવા છતાં... અમે ફૂલ ગુલાબી થૈ’ગયાં !
રાહતમાં જે મળે તે પ્યારથી લૈ’ અમે રહ્યાં,.....
ચાહતમાં તમારી અમે લે’રથી સૌ દુ:ખ સહ્યાં.... !
રાતોની રાતો... ઘણેરી વાતો... પ્રેમથી કરશું અમે...
માણતા રંગત મઝાની... મોજથી જીવશું હવે.... !
હવે લ્યો જવાબી થૈ’ગયાં !!

**– કમલ ક. શાહ (વડોદરા)**

## લગ્ન વિષયક

### યુવક

ભરૂચસ્થિત પરિવારના પુત્ર જન્મ તા. ૨૬-૧૨-૮૮, ઉંચાઈ ૫” ૮’, અભ્યાસ BE(IT), દહેજ કાું. માં સર્વર એડમીન ઓફીસર તરીકે જોબ કરતાં યુવક માટે યોગ્ય ડીગ્રી ધરાવતી યુવતીનાં પરીવાર તરફથી બાયોડેટા આવકાર્ય છે.
શીલ્પા આસીત તોલાટ – મો. ૯૫૧૦૦૭૪૯૮૭, ૯૩૭૭૩૦૯૪૧૫

### યુવતી

અમદાવાદસ્થિત પરીવારની પુત્રી જન્મ તા. ૧૫-૩-૯૨, ઉંચાઈ ૫” ૪’, વજન ૫૮ કીલો, અભ્યાસ બી.કોમ., CA. IPCC, Diploma in Web & Animation માટે સમકક્ષ યુવકનાં વાલી તરફથી સંપર્ક આવકાર્ય છે. સંપર્ક : ૯૯૧૩૩ ૭૪૫૬૨

## શ્રી સમસ્ત કચ્છી વાયડા વણિક સમાજ

### અહેવાલ

શ્રી સમસ્ત કચ્છી વાયડા વણિક સમાજની કારોબારી અને ટ્રસ્ટીમંડળની એક સભા તા. ૭-૨-૨૦૧૯ના રોજ ભૂજ ખાતે રાખવામાં આવી હતી.

મીટીંગનું સંચાલન સમાજના પ્રમુખ શ્રી જીતેન્દ્ર ભોગીલાલ શાહે કર્યું હતું. પ્રમુખશ્રીએ હાજર રહેલા સભ્યો અને ટ્રસ્ટીઓને આવકાર આપ્યો હતો. સભાની શરૂઆતમાં સમાજના ટ્રસ્ટીઓ શ્રી હરગોવિંદભાઈ જસરાજ શાહ, શ્રી વૃજલાલભાઈ જસરાજ શાહ તથા શ્રી હસમુખભાઈ નાનાલાલ શાહના નિધન બદલ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું હતું. સમાજના મંત્રી શ્રી હરીશભાઈ રામજીની ગેરહાજરીમાં પ્રમુખશ્રીએ શ્રી પ્રાણજીવનભાઈ કે. શાહને પરિપત્રમાં જણાવ્યા પ્રમાણે એજન્ડા ઉપર ચર્ચા કરવા વિનંતી કરી હતી.

એજન્ડા નં. ૧ : કારોબારી સમિતિની ગત મીટીંગની મીનીટ્સનું વાંચન કરી તેના ઉપર ચર્ચા કરી તેને બહાલી આપવામાં આવી હતી.

એજન્ડા નં. ૨ : સમાજના વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના હિસાબો પર ચર્ચા વિચારણા બાદ હિસાબોને બહાલી આપવામાં આવી હતી.

એજન્ડા નં. ૩ : આવતા પાંચ વર્ષ માટે નવી કારોબારીની સમિતિની રચના કરવામાં આવી હતી.

એજન્ડા નં. ૪ : અન્ય બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

છેલ્લે શ્રી પ્રાણજીવનભાઈએ આભાર વિધિ કરી હતી.

શ્રી સમસ્ત કચ્છી વાયડા વણિક સમાજ વતી,

**- હરીશભાઈ વાયડા (માનદ્‌મંત્રી)**

## લગ્ન વિષયક

### યુવતી

કચ્છસ્થિત ૨૫ વર્ષીય યુવતી વજન ૫૨ કિલો, ઉંચાઈ ૫ ફૂટ, B.C.A. ગ્રેજ્યુએટ માટે યોગ્ય યુવકના વાલી તરફથી સંપર્ક આવકાર્ય
મો. : ૮૪૦૧૧ ૬૦૨૩૦

### યુવક

કચ્છ સ્થિત ૨૮ વર્ષીય યુવક માટે પોતાનો સ્વતંત્ર બિઝનેસ ધરાવતા B.Com., L.L.B. અભ્યાસ પૂર્ણ કરનાર. વજન ૭૦ કિલો, ઉંચાઈ ૫"૬', માટે યોગ્ય યુવતીના વાલી તરફથી સંપર્ક આવકાર્ય. મો. ૮૪૦૧૧ ૬૦૨૩૦

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

## વાયડ ટ્રાવેલ ફંડ

તા. ૯–૪–૧૯ થી ૧૩–૪–૧૯ વાયડ જવાનુ હોવાથી અમદાવાદની જ્ઞાતિમાંથી શ્રી નાનુભાઈ શાહ ત્રણ દિવસ વાયડ જવા વહેલા નીકળી અમદાવાદની ધર્મશાળાની સફાઈ તથા કૂલર, પંખાની સરસ વ્યવસ્થા કરી હતી.

આ વખતે પણ સંસ્થા તરફથી અમદાવાદની જ્ઞાતિને વાયડ રસોડાની કામગીરી સોપાઈ હતી તેમાં શ્રી નાનુભાઈ, શ્રી કિરણભાઈ, શ્રી ઉમાકાંતભાઈ તથા શ્રી હરીશભાઈ એ ખૂબ જ ઉમદા રીતે તે જવાબદારી પાર પાડી હતી. સંઘ દરમિયાન આશરો ૨૨૦૦ થી ૨૩૦૦ લોકો એ પ્રસાદ લીધો હતો.

તા ૯–૪–૨૦૧૯ના રોજ વિધી ટ્રાવેલ્સની 2x2 A.C. બસ કરી હતી. દરેક જ્ઞાતિજન પાસેથી રૂ. ૬૦૦/– લીધા હતા. બસ સવારે ૭.૩૦ વાગ્યે વાયડ જવા રવાના થઈ, જનપથ પાસે ચા–નાસ્તો કરી આશરે ૧૧.૩૦ વાગ્યે વાયડ પહોંચી હતી. વાયડ પોંહચી પૂરી, શાક, ભજીયાનું જમણ આપવામાં આવ્યુ હતું. ચોથના દિવસે વાયડ ટ્રાવેલ ફંડની હિસાબની મિટીંગ થઈ હતી તેમા વિવિધ હિસાબ મંજૂર કરવામાં આવ્યા હતા.

તા. ૧૩–૪–૨૦૧૯ના રોજ વાયડમાં રસોડાની કામગીરી પતાવી આશરે ૨.૩૦ વાગ્યે A.C. બસમાં રવાના થયા. જનપથ હોટલમાં કિર્તીદાબેન પરીખ તેમ જ પિયુશભાઈ શાહ તરફથી આઈસ્ક્રીમ તેમ જ લસ્સી આપવામાં આવ્યા હતા. અંદાજે સાંજે ૭.૦૦ વાગ્યે અમદાવાદ પરત આવ્યા હતાં.

**– કિરણ શાહ**

## વાયુદેવતા મંદિર, અમદાવાદ

ભેટ

૧. શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી રૂ. ૧૦,૦૦૦/– કેમ્પ હનુમાન યાત્રા માટે

**– નાનુભાઈ શાહ**

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

## પાટણ વીશા વાયડા ધર્મશાળા
## વાયડ સંઘ – ૨૦૧૯ અહેવાલ

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વાયડ માતાનો સંઘ ચૈત્ર સુદ – ૪થી ચૈત્ર સુદ – ૮ (તા. ૯–૪–૧૯ થી ૧૩–૪–૧૯) દરમ્યાન યોજાઈ ગયો. બે માસ પહેલાં જ શતચંડી યજ્ઞ, પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ ગયો હોવાથી જ્ઞાતિજનોની હાજરી પ્રમાણમાં ઓછી જોવા મળી, ઉપરાંત બધા જ વર્કીંગ ડેઈસ તથા શાળા કોલેજોની પરીક્ષા, અસહ્ય ગરમી પણ આ માટે કારણભૂત બની.

વર્ષોની પરંપરા મુજબ ચૈત્ર સુદ – ૫ ની વહેલી સવારે ૫–૩૦ કલાકે પાટણ થી વાયડનો પગપાળા સંઘ શ્રી અશોકભાઈ પરીખની રાહબારી હેઠળ વાયડ આવ્યો હતો જે સવારે લગભગ ૧૧.૩૦ કલાકે વાયડ પહોંચ્યો.

શરૂઆતના બે દિવસોમાં જ્ઞાતિજનોની સંખ્યા ઓછી હતી પરંતુ ચૈત્ર સુદ – ૬ ના રોજ વિશેષ રહી. જે આઠમ સુધી જળવાઈ રહી. આ વર્ષે ચૈત્ર સુદ – ૬નાં હવનમાં બેસવા માટે મૂળ પાટણના અને હાલ અમદાવાદ રહેતા ડો. જયેશભાઈ વી. પરીખ ભાગ્યશાળી રહ્યા. સહયજમાનમાં વડોદરા નિવાસી શ્રી વિક્રમભાઈ સી. પરીખ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી અંજનાબેનને બેસવાનો લાભ મળ્યો.

ચૈત્ર સુદ – ૬ના રોજ સવારે માતાજીના મંદિર ઉપર ધજાજી ચઢાવવી એ પણ એક લ્હાવો છે. સંજોગોવશાત કોઈ જ્ઞાતિજન મંદિરમાં દર્શન કરવા ના જઈ શકે તો દૂરથી ધજાજીના દર્શન કરે તો માતાજીના દર્શન કર્યા બરાબર છે. આઠમનો વરઘોડો માત્ર જ્ઞાતિજનો પૂરતો સીમીત નથી હોતો પરંતુ ગ્રામજનો પણ એમાં હોંશભેર ભાગ લે છે.

પાટણ વીશા વાયડા ધર્મશાળામાં રીપેરીંગ કામ, ઈલેક્ટ્રીક પાણીની લાઈન, કલર, પ્લાસ્ટર વગેરે જરૂરી હોવાથી કરાવવાનું નક્કી કરવામાં આવ્યું જેના માટે ફંડ મેળવવાનું ચાલુ થયું છે અને પૂરતુ મળી પણ રહેશે એવી પૂરી આશા છે. પાટણ વીશા વાયડા જ્ઞાતિની ધર્મશાળાના સ્ટોર રૂમ તથા ડ્રેસીંગ રૂમમાં વર્ષો જૂનો સામાનનો નિકાલ તથા વ્યવસ્થિત કરવાનું જરૂરી હોવાથી પાંચમના દિવસે સવારથી જ શ્રી વિજયભાઈ ગાંધી, શ્રીમતી જીજ્ઞાબેન તથા મિતુલ ગાંધીએ કામ હાથ ઉપર લઈ પુરૂ કર્યું. ઉપરાંત હાઉસીની ગેમ નો બધાએ ખૂબ આનંદ ઉઠાવ્યો અને રાત્રે ગરબામાં પણ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

છઠ્ઠના હવનના દિવસે મંદિરના પગથીયાથી હવન મંડપ સુધી આકર્ષક રંગોળી દોરવામાં આવી હતી. તે પ્રસંશાને પાત્ર છે. માતાજીની સાડીનું પ્રસાદી રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો જ્ઞાતિજનોએ સારો એવો લાભ લીધેલો. વાયડ ખાતે મુરબ્બી શ્રી અરવિંદભાઈ પરીખ તથા શ્રી અશોકભાઈ પરીખ, પાટણ, ઉંમર ૮૦ ઉપર હોવા છતાં ખૂબ સક્રિય રહે છે જે

**સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.**

જ્ઞાતિના યુવાનો માટે પ્રેરણારૂપ છે.

પાટણથી વાયડ માતાના મંદિર સુધી સવારે ૯–૩૦ અને ૯–૪૫ના સમયે પાટણ ડેપોની બસ શરૂ કરવામાં આવી છે જે જ્ઞાતિજનોની જાણ સારૂં.

વાયડ માતાના ધામમાં સર્વે જ્ઞાતિજનોને નિરાંતની પળોમાં મળવાનો, સહવાસ કેળવવાનો તથા જુની યાદો તાજી કરવાનો આનંદ અનેરો જ હોય છે.

મા સમીરી કામદા દેવી સર્વે જ્ઞાતિજનો ઉપર કાયમ કૃપા વરસાવે એ જ નમ્ર પ્રાર્થના.

**– ભરત એચ. ગાંધી (પાટણ – વડોદરા)**

**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

**તા. ૧–૪–૨૦૧૮ થી ૩૧–૩–૨૦૧૮ સુધી મળેલ રોકડ ભેટ**

**રૂ. ૨૫૦૦/– થી વધુ**

| | | |
|---|---|---|
| ૧. ભદ્રાબેન રોહિતભાઈ શાહ | પાટણ | રૂ. ૫૦૦૦/– |
| ૨. હરેશભાઈ મહેન્દ્રભાઈ પરીખ | મુંબઈ | રૂ. ૫૦૦૦/– |
| ૩. પંચાલ પૂનમ મંડળ | વાયડ | રૂ. ૧૨૦૦૦/– |

**જીર્ણોધ્ધાર ફંડ ખાતે**

| | |
|---|---|
| ૧. પટેલ રમેશભાઈ અંબાલાલ વિસલવાસણા | રૂ. ૧૧,૦૦૦/– |

**સોના–ચાંદીના દાગીના ભેટ**

| | | | |
|---|---|---|---|
| ૧. દશા વાયડા વણિક મહિલા મંડળ | પાટણ | ચાંદીની વાડકી | ગ્રામ ૨૩ |
| ૨. હર્ષદભાઈ હરેનભાઈ શાહ | અમદાવાદ | સોનાની ચેઈન | ગ્રામ ૯.૦૭૦ |
| ૩. રોશની ગોલ્ડ પેલેસ | અમદાવાદ | સોનાની ચેઈન | ગ્રામ ૭.૨૨૦ |
| ૪. અરવિંદભાઈ માણેકલાલ બેંકર | પાટણ | સોનાની ચેઈન | ગ્રામ ૪.૨૪૦ |
| | વડોદરા | ચાંદીની ઝાંઝરી | |
| ૫. રેખાબેન શિરીષભાઈ શાહ | ભૂજ | સોનાનો ટીકો | ગ્રામ ૧.૦૦ |
| ૬. શૈલેશભાઈ કરશનભાઈ પંચાલ<br>નરેન્દ્રભાઈ કરશનભાઈ પંચાલ | સમૌ | સોનાનો હાર | ગ્રામ ૪૫.૯૪ |

**– અજયભાઈ એ. પરીખ, પાટણ, મંત્રી**
**મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩**

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર(મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ

## વાયડ સંઘ ૨૦૧૯ ફોટો ગેલેરી







ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.







શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ગો.વા. જમનાવતીબહેન તથા ગો.વા. કાંતિલાલ ચીમનલાલ પરીખ(કડી) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.







નિરંજનાબહેન ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.







ફોટો સૌજન્ય : શ્રી દીપકભાઈ દલાલ – મુંબઈ, કીંજનભાઈ શાહ – અમદાવાદ

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## લગ્ન વિષયક જાહેર ખબર અંગે

ગત સામાન્ય સભામાં લેવાયેલ નિર્ણય મુજબ એપ્રિલ-૨૦૧૯ થી લગ્ન વિષયક જાહેર ખબર નિઃશુલ્ક લેવાનું શરૂ કરેલ છે. દરેક જ્ઞાતિજનોને આ યોજનાનો લાભ લેવા વિનંતી છે. આ યોજનાનો લાભ વર્ષમાં મહત્તમ ૨ (બે) વાર લઈ શકાશે જેની નોંધ લેવી ઘટે.

## વા.મિ. અંક ન મળવા અંગે

વા.મિ. દર માસની ૧૦મી તારીખે દરેક સભ્યને એક સાથે સાદી પોસ્ટ થી મોકલવામાં આવે છે. અલગ અલગ શહેરનાં અલગ અલગ પીનકોડ નંબર મુજબ બેચ બનાવી પોસ્ટ ઓફીસમા આપવામાં આવે છે.

વા.મિ. ના અંકો સાદી પોસ્ટથી મોકલવામાં આવત હોવાથી અંકો કયાં પહોંચ્યા તે જાણી શકાતું નથી.

અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફીસમાં લેખીત ફરીયાદ આપવી અંક ૨૫મી તારીખ સુધીમાં ન મળે તો શ્રી પ્રમોદભાઈ નો (મોબાઈલ નં. ૮૯૮૦૦૧૮૮૫૧, ૯૪૨૭૮૦૦૩૫૯) સંપર્ક કરવો.

**– નિશીથ એ. પરીખ, વ્યવસ્થાપક**

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા – ભાદરવા સુદી ૬ નો હવન

ભાદરવા સુદી ૬ ના તા. ૪-૯-૧૯ બુધવારે વાયડમાં નવચંડી હવન થશે શ્રીફળ સાંજે ૫ થી ૫-૩૦ વાગે હોમાશે પ્રસાદ સાંજે ૬ થી ૬-૩૦ વાગે

જે જ્ઞાતીજનોએ હવનમાં બેસવાનો લાભ લેવો હોય તેમને અજયભાઈ ને ફોન ઉપર સંપર્ક કરશો.

હવનનો ન્યોછાવર રૂા. ૧૧૦૦૦/- રાખવામાં આવ્યો છે. નિયમો દર વર્ષની જેમાં રહેશે.

**– અજયભાઈ એ. પરીખ**
**મો.: ૯૮૨૪૬૬૭૩૨૩**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ગુણવંતીબહેન રસિકલાલ પરીખ (કડી) ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી વણિક સમાજ – અમદાવાદ

શ્રી સમીરી વણિક સમાજના ઉપક્રમે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ સમાજના સભ્યશ્રીઓના અભ્યાસ કરતાં બાળકો માટે રાહતના દરે ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે સભ્ય ભાઈ–બહેનો આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય, તેમણે શ્રી સમીરભાઈ પરીખ (ફોન : ૨૭૯૧૦૦૪૮ અથવા મો.: ૯૮૯૮૦૩૭૭૦૪) નો તા. ૨૪–૫–૨૦૧૯ થી તા. ૨૬–૫–૨૦૧૯ સુધીમાં સાંજે ૭ થી ૯ વાગ્યા સુધીમાં સંપર્ક કરી પોતાની જરૂરીઆત નોંધાવી દેવી. ચોપડા નોંધાવતી વખતે સભ્યશ્રીએ પોતાનું નામ, અભ્યાસ કરતાં બાળકનું નામ, વર્ષ ૨૦૧૯–૨૦ માં કયા ધોરણમાં અભ્યાસ કરાશે તેની વિગત તથા કેટલા ચોપડાની જરૂરીઆત છે તે જણાવવાનું રહેશે. સામાન્ય રીતે ધોરણ ૫ થી ધોરણ ૯ સુધી ભણતા બાળકોને ૨ ડઝન ચોપડા તથા ધોરણ ૧૦ થી ઉપર ભણતાં બાળકોને ૩ ડઝન ચોપડા આપવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થીને ખાસ જરૂરીયાત હોય તો જણાવવા વિનંતી છે. ચોપડાનો ભાવ રૂા. ૧૫૦–૦૦ પ્રતિ ડઝન રાખવામાં આવ્યો છે. ચોપડાના વિતરણની તારીખ તથા સ્થળની વિગત સભ્યશ્રીને ફોન દ્વારા જણાવવામાં આવશે.

----

શ્રી સમીરી વણિક સમાજ – અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા તા. ૨–૬–૨૦૧૯ ને રવિવારના રોજ નીચે દર્શાવેલ સ્થળે અને સમયે મળશે.

સ્થળ : શિવાલીક–૫, બીજે માળે, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ.

સમય : સવારના ૧૦ વાગે

આપણી આ વાર્ષિક સભા નીચે જણાવેલ કામ માટે મળશે

૧) શ્રી સમીરી વણિક સમાજ તથા શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ – મંડળના ગત બે વર્ષના હિસાબ રજુ કરવા તથા તેની ઉપર ચર્ચા કરવી.

૨) આપણા સમાજનું બંધારણ – ઘડવા વિષે ચર્ચા કરવી.

૩) આગામી ઓગષ્ટ – સપ્ટેમ્બર માસમાં સમાજ તરફથી સૌરાષ્ટ્ર અથવા કોઈ યોગ્ય જગ્યાએ પ્રવાસ લઈ જવા માટે વિચારણા કરવી.

૪) પ્રમુખશ્રીની મંજુરીથી સભ્યોને કોઈ રજુઆત કરવી હોય તો તે કરી શકાશે.

જે કોઈ સભ્ય શ્રી સમીરી વણિક સમાજની કારોબારીના સભ્ય બનવા ઈચ્છતા હોય, તેમણે સેક્રેટરી શ્રી શરદભાઈ જે પરીખનો સંપર્ક કરવો.

ઉપરોક્ત સભામાં હાજર રહેવા સમાજના સર્વ સભ્ય ભાઈ – બહેનોને હાર્દિક આમંત્રણ છે.

**શરદ જે. પરીખ, સેક્રેટરી** **શૈલેષ પી. શાહ, પ્રમુખ**

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## જ્ઞાતિનું ગૌરવ



અમદાવાદ સ્થિત આપણી જ્ઞાતિ ના શ્રી ભાવેશ અશોકકુમાર કિનખાબવાલા, તેઓ એ CS (કંપની સેક્રેટરી), LLB, B.Com., MBA (B.K. School of Business Management)ની ડિગ્રી હાંસલ કરી, હાલમાં તેઓ હિટાચી, જાપાન ની ગ્રુપ કંપની – હિટાપી હાઈ–રેલ માં કંપની સેક્રેટરી તેમજ લીગલ હેડ તરીકે સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે. સતત નવું કૈંક વાંચવું, અભ્યાસ કરવો અને પ્રદાન કરવું તે કાર્યશૈલી ના ભાગ રૂપે તેઓએ સપ્ટેમ્બર, ૨૦૧૫માં Gujarat University, B. K. School of Business Management માં Ph.D.નું એડમિશન લીધું. નોંધનીય બાબત એ છે કે પોતે કોર્પોરેટ સેકટરમાં હોવા છતાં Ph.D. ના ટોપિક તરીકે, અન્ય કોમર્શીઅલ વિષય કરતા, Adi Shankaracharya, Spirituality and Management પર સંશોધન શરૂ કર્યું. સ્વખર્ચે ત્રણ વર્ષ સંશોધન કરી Ph.D. in Management ની ડિગ્રી હાંસલ કરી. જગદગુરુ આદિ શંકરાચાર્ય પર સંશોધન અંગે તેઓ એ કેરળ, કર્ણાટક, કલકત્તા, જગન્નાથ પુરી, દ્વારકા, સોમનાથ વગેરે સ્થળોએ રૂબરુ મુલાકત લઈ વર્તમાન શંકરાચાર્ય અને અનેક સાધુ, સંત, મહાત્મા પાસે જ્ઞાન ગ્રહણ કર્યુ. તદ્ઉપરાંત ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ ની સરહદ પર તેમજ અરવલ્લી પર્વતમાળા ના જંગલો માં જઈ ત્યાં વસતા સિદ્ધ મહાત્મા પાસે સંશોધન માટે પ્રત્યક્ષ જ્ઞાન ગ્રહણ કર્યું. વર્તમાન શંકરાચાર્ય પણ સંશોધન ના કાર્ય ને લઈ ને પ્રભાવિત થયા તેમજ આશીર્વાદ આપ્યા. પરમ કૃપાળુ પરમાત્મા તેમજ માતા પિતા ના આશીર્વાદ થી તેઓના ૨૨ સંશોધન પત્રો, વિવિધ નેશનલ અને ઈન્ટરનેશનલ જર્નલ્સ માં પ્રસિદ્ધ થયા તેમ જ તેઓએ ૧૭ સંશોધન પત્રો વિવિધ નેશનલ અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સીસ માં પ્રેઝન્ટ કર્યા. તેઓ એ IIM-Banglore, IIM-Calcutta, IIM-Kozhikode, MICA જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં રિસર્ચ પેપર્સ નું પ્રેસન્ટેશન કર્યું. જવાબદારી સાથે ફુલ ટાઈમ સિનિયર લેવલ પર નોકરી સાથે અથાગ મહેનત અને કાર્ય બાદ અંતે Adi Shankarachya, Spirituality and Management વિષય પર Ph.D. in Management ની ડિગ્રી હાંસલ કરી તે સમગ્ર ભારત માં સૌપ્રથમ વિષય છે. હજી આગળ તેઓ ની ઈચ્છા છે કે આ વિષય પર પુસ્તક નું પ્રકાશન કરવું અને આગળ સંશોધન કાર્ય કરવું.

સમગ્ર જ્ઞાતિ તરફથી શ્રી ભાવેશ અશોકકુમાર કિનખાબવાલા ને તેમજ તેઓના માતા પિતા અને પત્ની ને, કે જેઓ ના સતત સપોર્ટ થી આ કાર્ય શકય બન્યું તે માટે ખુબ ખુબ અભિનંદન.

– તંત્રી

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળ, અમદાવાદ

### અહેવાલ-વાયડ પ્રવાસ

તા. ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯માં વાયડ ખાતે શ્રી સમીરી કામદાદેવી (વાયડ માતા) માતાજીની પ્રતિષ્ઠા - મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો ત્યારે એમ લાગતું હતું કે ચૈત્રી સંઘ દરમ્યાન હવન વખતે તા. ૧૧-૪-૨૦૧૯ના રોજ બસમાં પૂરતી સંખ્યા થશે કે કેમ ? પણ સૌ કાર્યકર્તાના આશ્ચર્ય વચ્ચે બે બસ કરવી પડી ને તેમાં બસ નંબર ૧ માં ૩૯ તથા બસ નંબર ૨ માં ૪૧ ની સંખ્યા થઈ. આમ કુલ સંખ્યા ૮૦ની થઈ. વાયડ માતા કી જય ના નારા વચ્ચે બસ ઉપડી હતી.

મૂળ પાટણના વતની અને વર્ષોથી વડોદરા સ્થિત શ્રી સતીષભાઈ ગોકળદાસ પારેખ તથા શ્રીમતી ભારતીબેન સતીષભાઈ પારેખ તરફથી તેમના માતા-પિતા સ્વ. સરસ્વતીબેન ગોકળદાસ પારેખ અને સ્વ. ગોકળદાસ ચુનીલાલ પારેખની સ્મૃતિમાં મળેલ દાનની રકમના વ્યાજમાંથી તા. ૧૧-૪-૨૦૧૯ને ગુરુવાર ના રોજ અમદાવાદ થી વાયડ જવા - આવવા માટે 2x2 AC લકઝરી બસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે આવનાર યાત્રીએ પાસેથી કોઈ ચાર્જ લેવામાં આવ્યો ન હતો સવારે વ્રજભૂમિ, આંબાવાડી થી ૭-૦૦ વાગે ઉપડી, માનવ-મંદીર, ગુરુકુળ થી યાત્રીઓ લઈને વાયડ જવા રવાના થઈ હતી. રૂા. ૨૦૦/- ડીપોઝીટ લેવાઈ હતી. જતી વખતે મહેસાણા હાઈવે ઉપર આવેલ હોટલ જનપથ માં દરેકને ચા/કોફી, નાસ્તો આપવામાં આવેલ હતો. ત્યારબાદ બસ સવારે અંદાજે ૧૨-૦૦ કલાકે વાયડ પહોંચી હતી.

સૌ યાત્રીઓ વાયડ પહોંચતા જ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બસમાં સવારે હાઉસી તથા પત્તાની રમત રમાડવામાં આવી હતી. આખો દિવસ વાયડ ખાતે વિવિધ પ્રવૃત્તિઓમાં પસાર કરી રાત્રે ૮-૧૫ કલાકે સૌ યાત્રીઓ હવનના દર્શન કરી, મહાપ્રસાદ લઈ અમદાવાદ જવા નીકળ્યા હતા.

બસમાં જે યાત્રીઓ આવ્યા હતા તેઓને રૂા. ૨૦૦/- નો ડીપોઝીટ પેટે લેવામાં આવેલા તે પરત આપવામાં આવેલ હતા. વળતાં મહેસાણા હાઈવે થી આઈસ્ક્રીમની વ્યવસ્થા હતી. બસ તથા ચા-નાસ્તાનો સંપૂર્ણ ખર્ચ શ્રી સતીષભાઈ જી. પારેખ તરફથી હતો.

સિનિયર નાગરીકને બસમાં સૌથી આગળની સીટ ફાળવવામાં આવી હતી. બાકીના

સૌને યોગ્ય આયોજન કરી સીટ ફાળવવામાં આવી હતી.

નામ નોંધાવવા માટે સર્વશ્રી શરદ જશવંતલાલ પરીખ, સેક્રેટરી, સમિરી વણિક સમાજ, તેમજ રાજેન્દ્ર કાંતિલાલ શાહને ત્યાં તા. ૨૩-૩-૨૦૧૯ થી ૨૫-૩-૨૦૧૯ સુધી લખાવવાના હતા.

બસમાં શ્રી શરદભાઈ જે પરીખ દ્વારા અગત્યની જાહેરાત કરાઈ હતી કે શ્રી સમીરી વણિક સમાજ તરફથી ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૯ દરમ્યાન અનુકુળ તારીખે દીવ-દ્વારકા-બેટ દ્વારકા નો પ્રોગ્રામ રાખવા વિચાર છે.

ચા-નાસ્તાની વ્યવસ્થા સારી રહી અને આ માટે બે પ્રકારના ટોકનની વ્યવસ્થા પણ કરાઈ હતી. જો હું મારી વાત કરું તો હું મારી સમગ્ર જિંદગીમાં પહેલી જ વખત એક દિવસ માટે વાયડ સંઘ દરમ્યાન આ વખતે ગયો પણ મારો અનુભવ ખુબ સારો રહ્યો.

**– પ્રવીણચંદ્ર બાબુલાલ પરીખ**
**અમદાવાદ**

## કૃપા કરીને ધ્યાન આપો...

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ખાતા નં. ૩૧૭૨૫૩૯૧૯૨ માં નીચેની વિગતે રકમ જમા થયેલ છે જેની વિગતવાર જાણકારી અમને આપેલ ન હોઈ વાર્ષિક હિસાબોની મેળવણીના કામમાં તકલીફ પડી રહી છે.

૧. તા. ૩-૮-૧૮ રૂા. ૧૦૦૦/- રોકડા જમાં.

શ્રી ચિરાગ પરીખ દ્વારા સેન્ટ્રલ બેંક, સુભાનપુરા વડોદરાથી રોકડા જમા કરાવ્યા.

૨. તા. ૩-૮-૧૮ રૂા. ૧/- રોકડા જમા - ઉપર મુજબ.

૩. તા. ૬-૧-૧૯ રૂા. ૩૦૦૧/- મોબાઈલ બેકીગ થી (વિગત નથી).

૪. તા. ૨૨-૧-૧૯ રૂા. ૨૦૦/- રોકડા જમા, મીઠાખળી શાખામાં.

લાગતા વળગતાં સભ્યોને વિનંતી કે ઉપરોક્ત રકમની વિગતવાર જાણકારી વ્યવસ્થાપક શ્રી નિશીથ એ. પરીખ ને મો. ૯૪૨૮૪૬૧૮૨૨ ઉપર વોટસઅપ મેસેજ થી આપે.

**– વ્યવસ્થાપક**

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક મહિલા મંડળ

હુંફાળી ઠંડીમાં એકદમ જ ગરમીની શરૂઆત થવી એ Global Warming ને પરિણામે હશે પરંતુ કુદરત આગળ સહુ લાચાર. કુદરતના બદલાતા મિજાજને માણવા મહિલા મંડળે બહેનોને ખુશ એન્ડ Cool કરવા તા. ૨૭–૩–૨૦૧૯, બુધવારના રોજ વાયુદેવતા હોલમાં પ્રોગ્રામનું આયોજન કર્યું. પ્રોગ્રામની શરૂઆત શ્રી યમુનાષ્ટકના પાઠથી થઈ. ત્યારબાદ એક નવી શરૂઆત કરી કે હાજર બહેનોને પોતાના વિચારો–અનુભવો–ગીત ગાવાની તક આપવામાં આવે. ૧૦ થી ૧૨ બહેનોએ તેનો લાભ લીધો. નવી શરૂઆતથી બધા ખુશ થઈ ગયા. ત્યારબાદ હાઉસીની બે રમત રમાડવામાં આવી જેના ઈનામો કીર્તિદાબહેન તથા મંડળ તરફથી આપવામાં આવ્યા હતા. પાણી–પુરીએ ખાસ તો બહેનોની ખુબ પ્રિય વાનગી છે. નામ સાંભળતા જ બધાના મોં માં પાણી આવી જાય. તેથી મંડળે ગરમીમાં બહેનોને ખુશ કરવા પાણી–પુરી ખવડાવવાનું આયોજન કર્યું. જેનું મુખ્ય પાસું એ હતું કે આ માટે બહાર ઓર્ડર આપવાને બદલે કારોબારીની બહેનોએ બધી તૈયારીઓ જાતે કરી હતી. તમામ સામગ્રી ઘરેથી બનાવીને લાવ્યા હતા અને જેમ ખુમચાવાળા પાણી પુરી ખવડાવે તે જ રીતે ૧૦–૧૦ના ગ્રુપમાં વાર ફરથી બધાને unlimited પાણી પુરી ખવડાવી સૌએ મિજબાનીની મોજ માણી હતી. બધાએ કારોબારીની ભાવનાને તેમજ તેમની મહેનતની ખુબ સરાહના કરી. ત્યારબાદ મંડળ તરફથી સૌને Ice Cream આપી Cool કરી દીધા. આ પ્રોગ્રામમાં મંડળને નીચે જણાવ્યા પ્રમાણે ભેટ મળી હતી જેને તાળીઓથી સહર્ષ વધાવી લીધી હતી.

રૂા. ૧૦૦૦/– કુમુદબહેન જયંતભાઈ શાહ તરફથી તેમના પૌત્ર દ્રુપદના લગ્ન પ્રસંગે.
રૂા. ૫૦૦/– પન્નાબહેન દિનેશભાઈ પરીખ તરફથી તેમની પૌત્રી દૃષ્ટિના લગ્ન પ્રસંગે.
રૂા. ૫૦૦/– ઈલાબહેન શરદભાઈ શાહ તરફથી મિતિ–હર્ષિતના નવા ગૃહ–પ્રવેશ નિમિત્તે.
રૂા. ૫૦૦/– શોભનાબહેન સુનીલભાઈ શાહ તરફથી નિધિના નવા ગૃહ પ્રવેશ નિમિત્તે.
રૂા. ૨૫૦/– શ્રુજલ કેતનભાઈ શાહ તરફથી દર્શીલના પરદેશગમન નિમિત્તે.

અંતે નવા પ્રોગ્રામમાં મળીશું તેવા વાયદા સાથે જય શ્રી કૃષ્ણ કરી સૌ વિખરાયા.

**લીનાબહેન એન. શાહ** — **જયશ્રીબહેન જે. શાહ**
**સેક્રેટરી** — **પ્રમુખ**

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

## અમદાવાદ વિશા વાયડા જ્ઞાતિ – અહેવાલ

અમદાવાદ વિશા વાયડા જ્ઞાતિના લ્હાણેદારોની મીટીંગ, સ્નેહ સંમેલન તથા ભોજન સમારંભનું આયોજન તા. ૨૧–૪–૨૦૧૯ ને રવિવારે સવારે Hotel Lotus Park, પાલડી, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિજનોને તેમના બેન, ભાણીયા, જમાઈ સાથે આવવા આમંત્રણ આપેલ હતું. ઉનાળાની પ્રખર ગરમી હોવા છતાં બધા જ જ્ઞાતિજનો સમયસર હોટલમાં આવ્યા અને બે અલાયદા વાતાનુકૂલિત હોલમાં સુંદર સીટીંગ અરેન્જમેન્ટ હોવાથી વાતો એ વળગ્યા. શરૂઆતમાં તેમનું સ્વાગત વેલકમ ડ્રીંક દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ સૂપ સ્ટાર્ટર થી બુફે ભોજન ની શરૂઆત આઈસ્ક્રીમ અને છાશ આરોગવા સાથે પૂર્ણ કરવામાં આવી.

ત્યારબાદ લ્હાણેદારો ની મીટીંગમાં જ્ઞાતિના ૨૦૧૮ – ૨૦૧૯ માં પૂરા થતા વર્ષના હિસાબો, જ્ઞાતિના સેક્રેટરી શ્રી વિક્રમભાઈ શાહ (રાજા) દ્વારા વાંચી સંભળાવવામાં આવ્યા તથા હિસાબ અંગે ચર્ચા કરી સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. આ ઉપરાંત અન્ય પ્રશ્નો અંગે પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી અને યોગ્ય નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યા.

જ્ઞાતિના પ્રમુખશ્રી જગદીશભાઈ પટેલ તથા અન્ય લ્હાણેદારો ના અવસાન અંગે શોક વ્યકત કરવામાં આવ્યો. શ્રી જગદીશભાઈ એ પ્રમુખ તરીકે આપેલી સેવાઓની નોંધ લેવામાં આવી. ત્યારબાદ નવા પ્રમુખ તરીકે શ્રી પુષ્પવદનભાઈ શાહની વરણી કરવામાં આવી.

જ્ઞાતિના સેક્રેટરી વિક્રમભાઈએ તેમના કાર્યમાં સહકાર આપવા બદલ સૌ જ્ઞાતિજનો અને વિશેષ કરીને શ્રી રૂપીનભાઈ ગાંધી તથા શ્રી આશિષભાઈ કાશીપારેખ નો આભાર માન્યો હતો. ત્યારબાદ દરેક લ્હાણેદારોને ચાંદીનો ૫૦ ગ્રામનો સિક્કો ભેટ આપવામાં આવ્યો હતો. મીટીંગની કાર્યવાહી પૂર્ણ થવાને આરે હોવાથી સૌ માટે ચા કોફી મંગાવવામાં આવી હતી.

ખુબ સુંદર આયોજન કરવા બદલ સૌ જ્ઞાતિજનોએ શ્રી વિક્રમભાઈ શાહ તથા કમિટી સભ્યો નો હૃદયથી આભાર માન્યો હતો તથા હોટલના આતિથ્ય, ફૂડ તથા સરભરા ની પ્રશંસા કરતા છૂટા પડયા હતાં.

**– વિક્રમ શાહ**

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

## ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

### "સમર ગેટ ટુ ગેધર" – શ્રી સમિરી વણિક સમાજ મહિલા મંડળ

શ્રી સમિરી વણિક સમાજ મહિલા મંડળ દ્વારા "સમર ગેટ ટુ ગેધર"નો કાર્યક્રમ મંડળના માનનીય અને વડીલ શ્રી પલ્લવીબેન ચીનુભાઈ શાહના રહેઠાણ પર ૨૬ માર્ચના રોજ આયોજીત કર્યો હતો જેનો ૬૦ સભ્ય બહેનોએ લાભ લીધો. ઉનાળાની ઋતુની શરૂઆત અને પરચો સૌને મળી રહ્યો છે. આ ઋતુમાં જેમ ગરમાળાના પીળા ચટ્ક ફુલો, કેસૂડો, વિવિધ રંગબેરંગી ફુલો શોભે છે તેમ કમિટીની બહેનો પણ રંગબેરંગી પોશાકમાં શોભતી હતી. સવારે ૧૧–૩૦ કલાકે કાર્યક્રમની શુભ શરૂઆત યમુનાષ્ટકથી કરી અને સૌના સ્વાગત બાદ સખીઓની પ્રિય રમત હાઉસીની મઝા માણી. લાડુ, ફુલવડીના મઝેદાર જમણ બાદ ફરીથી હાઉસીનો દોર શરૂ થયો. જેમાં વિવિધ પ્રકારની હાઉસીની રમત શ્રી જ્યોતિબહેન, શ્રી પલ્લવીબેન તથા શ્રી શ્વેતાબહેન તરફથી રમાડવામાં આવી અને ખૂબ મઝા માણી.

હેલ્થ અવેરનેસ માટેના વ્યાખ્યાનમાં શ્રી પ્રભાબહેનએ કોસ્મેટિક્સ તથા શેમ્પૂમાં આવેલા પ્રિઝરવેટીવ્સ વિશે છણાવટ કરી છે અને એ આપણી તંદુરસ્તી માટે કેટલા હાનિકારક છે તેની જાણકારી આપી. શ્રી પલ્લવીબહેન શાહ તરફથી મંડળને આ કાર્યક્રમ નિમિત્તે રૂ. ૧૦,૦૦૦/– નું યોગદાન પ્રાપ્ત થયું જેનો મંડળે સ્વીકાર કરીને હૃદયપૂર્વક આભાર માન્યો.

શ્રી પલ્લવીબહેનના સૂચન અને સેવાભાવી વિચારણી પ્રેરણા રૂપે સમાજના જરૂરિયાત વર્ગ ને મદદ કરવાના હેતુથી આર્થિક યોગદાન સ્વીકારવાનું નક્કી કર્યું અને કાર્યક્રમ દરમ્યાન રૂ. ૪૩૫૦/– એકત્રિત થયા. વર્ષ દરમ્યાન આ રીતે એકત્રિત થયેલી રકમનો લાભ જરૂરિયાત વર્ગને આપવામાં આવશે. આ રીતે એક સેવાભાવી વિચારનું બીજ રોપાયું હતું. મંડળના ૨૫ વર્ષની પૂર્ણાહુતિના ભાગ રૂપે સપ્ટેમ્બર મહિનામાં એક મેગા ઈવેન્ટનું આયોજન વિચારેલ છે. તો તે અંગે બહેનો તરફથી સૂચનો આવકાર્ય છે. કમિટીની બહેનોના સાથ સહકાર બદલ આભાર. કાર્યક્રમ સૌએ માણ્યો અને અંતે સૌ જય શ્રી કૃષ્ણ કહી છૂટા પડ્યા.

**– મીતાબહેન પરીખ, સેક્રેટરી, લજ્જાબહેન શાહ, પ્રમુખ**

સર્વે લેખકો, કવિઓ, ટ્રસ્ટીઓને વિનંતી કે આપના લેખ, કવિતા, અહેવાલો પ્રકાશિત કરવા માટે પી.ડી.એફ કોપી સ્કેન કરીને મોકલવી. વોટ્સ એપ પર ફોટો મોકલવાનો આગ્રહ રાખવો નહી. વોટ્સ એપ પર ફોટો પાડી મોકલવામાં આવતા લેખોમાં વ્યવસ્થિત અક્ષર ઉકેલવા શક્ય ન હોવાથી મુદ્રણની ભુલો થવાની સંભવનાઓ રહેલી છે. જેથી કરીને હાથથી વ્યવસ્થિત લખેલી કોપીને અથવા ટાઈપ કરીલી કોપીને સ્કેન કરીને મેઈલ કરવાનો જ આગ્રહ રાખવો. **– તંત્રી**

## વાયડનો સંઘ (પાટણ)

તા. ૯-૪-૨૦૧૯ના રોજ ચૈત્ર સુદ ચોથના દિવસે માતાજીના સંઘની શરૂઆત થઈ. સાંજના ૫-૦૦ વાગે સખત ગરમીમાં, પાંખી હાજરી સાતે, સંપૂર્ણ શ્રધ્ધા સભર જ્ઞાતિજનો વાયડ મુકામે આવી પહોંચ્યા હતા.

પાટણની ચોકીઓમાં સ્વચ્છતા અને સાધન સામગ્રી પહોંચાડવાની જવાબદારી શ્રી દીગીશભાઈ ભુપેન્દ્રભાઈ પરીખે સ્વીકારી હતી. આ વર્ષે શ્રી રાજુભાઈ બચુભાઈ શાહ તરફથી ચોકીના ચાર ખુણામાં ચાર વિશાળ કુલર મુકવામાં આવ્યા હતા.

પાંચમના દિવસે સવારથી જ્ઞાતિજનો આવવા લાગ્યા હતા. બપોરે પ્રસાદ લીધા બાદ શ્રી દિનેશભાઈ ચંદ્રકાન્તભાઈ પરીખ દ્વારા સમસ્ત જ્ઞાતિજનો માટે રમતો રમાડવામાં આવી હતી. જુદી જુદી રમતોમાં નીચે મુજબ જ્ઞાતિજનો વિજેતા બન્યા હતા.

**૧. પાસીંગ ધ બોલ** (૧) જહાન ડી. શાહ (૨) કીર્તીદા દિલીપભાઈ પરીખ (૩) અમી પરીખ (૪) વિશાલ શાહ **૨. સંગીત ખુરશી** (૧) વર્ષાબેન કે. પરીખ (૨) અલકા વિ. પરીખ (૩) તોરલ સી. પરીખ **૩. ડોલમાં બોલ** (૧) હેતુ તુષાર પરીખ (૨) અતુલ મહેશભાઈ પરીખ (૩) મહેશભાઈ પી. પરીખ **૪. ગ્લાસ તાક** (૧) હેતલ અતુલ પરીખ (૨) નિતાબેન સુનીલભાઈ શાહ (૩) અલકા વિ. પરીખ (૪) પલ્લવીબેન ચંદ્રીલભાઈ શાહ (૫) મીનાક્ષીબેન પરીખ.

રાત્રે સૌએ ગરબાનો આનંદ માણ્યો.

તા. ૧૧-૪-૨૦૧૯ના રોજ છઠના દિવસે સવારથી જ તમામ ચોકીઓમાં ચહલ પહલ શરૂ થઈ ગઈ હતી. શ્રી સતીષભાઈ ગોકળદાસ પારેખના સહયોગથી અમદાવાદથી ૨ લકઝરી બસમાં લગભગ ૮૫ જ્ઞાતિજનો વાયડ આવી પહોંચ્યા હતા.

શ્રી કાન્તિલાલ નરસિંહલાલ પરીખ (મેજીસ્ટ્રેટ)ના પુત્ર શ્રી ધીરેનભાઈએ પાટણની ધર્મશાળાના ઉપરના માળે એ.સી. હોલ બનાવવા માટે તમામ ખર્ચ આપવાની જાહેરાત કરી હતી. આ એ.સી. હોલ તૈયાર કરવાની તમામ જવાબદારી તુષારભાઈ જયંતીલાલ શાહે સ્વીકારી હતી. તેમના આર્કિટેક્ટ પુત્ર અભિ તથા પુત્રવધુ માર્ગીના પ્લાનીંગ તથા માર્ગદર્શનતળે ભારે જહેમત ઉઠાવી તુષારભાઈએ એ.સી. હોલ તૈયાર કર્યો હતો. લગભગ ૩૦ વાર પાટણથી વાયડ આવી એ.સી. હોલને સુંદર ઓપ આપ્યો હતો.

આ શ્રી કાન્તિલાલ નરસિંહલાલ પરીખ (મેજીસ્ટ્રેટ)હોલના ઉદ્‌ઘાટન અને સમારંભનો કાર્યક્રમ છઠ્ઠના દિવસે બપોરે ૨-૦૦ કલાકે એ.સી. હોલમાં જ રાખવામાં આવ્યો હતો. આ હોલમાં મુકવામાં આવેલ તમામ ૧૪૦ ખુરશીઓ ભરાઈ ગઈ હતી. કાર્યક્રમની શરૂઆત નિમીષા લલીતભાઈ પરીખના મધુર અવાજની પ્રાર્થનાથી થઈ. પાટણ જ્ઞાતિના પ્રમુખશ્રી રોહિતભાઈ દ્વારા

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

અ.સૌ. સ્વ. સ્મિતા બંકિમ શાહ (અમદાવાદ) ના જય શ્રી કૃષ્ણ.

સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી શરદભાઈ પી. શાહ દ્વારા પ્રસંગોચીત પ્રવચન આપવામાં આવ્યું હતું. શ્રી ધીરેનભાઈ કાન્તીલાલ પરીખ પરદેશ હોઈ તેમના વતી તેમના પુત્ર ચિંતનભાઈ, તેમના બહેન સ્મીતાબેન તથા તેમના ભાભી માયાબેન મનોજભાઈ પરીખનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી ચિંતનભાઈએ આ સન્માનનો લાગણીસભર પ્રતિભાવ આપ્યો હતો. ત્યારબાદ તુષારભાઈ તથા અભિનું સન્માન કરી મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. પાટણ જ્ઞાતિના ઉપ–પ્રમુખ હરેશભાઈ એમ. પરીખ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન સુનીલ પી. શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

હવન બાદ પ્રસાદ લઈ મોટાભાગની વ્યક્તિઓ પરત ફરી હતી.

સાતમના દિવસે સવારથી દિનેશભાઈ ચંદ્રકાન્તભાઈ પરીખ તથા સુનીલભાઈ શાહ દ્વારા હાઉસીની રમત રમાડવામાં આવી હતી અને વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આશાબેન ધિરેનભાઈ પારેખ, જ્યોતીબેન સુનીલભાઈ શાહ તથા વિનુભાઈ દ્વારકાદાસ દ્વારા ઈનામો આપવા આર્થિક સહાય કરવામાં આવી હતી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સુમિત્રાબેન પુરૂષોત્તમદાસ શાહના સ્મરણાર્થે ઠાંસની સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૬ સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં છેલ્લે ૮ સભ્યો વચ્ચે ફાઈનલ રમાઈ હતી. આ રમતના વિજેતા નીચે મુજબ રહ્યા હતા.

(૧) જ્યોતીબેન સુનીલભાઈ શાહ (૨) મનીષાબેન દીગીશભાઈ પરીખ (૩) મીતવા તુષારભાઈ શાહ

આશ્વાસન ઈનામો

(૧) તોરલબેન પરીખ (૨) રીટાબેન ગાંધી (૩) ફાલ્ગુનીબેન પરીખ (૪) બિનાબેન શાહ (૫) આયુશીબેન પરીખ

શ્રી શૈલેષભાઈ પુરૂષોત્તમદાસ શાહ દ્વારા રૂા. ૨૦૦૦/–ના ઈનામો આપવામાં આવ્યા હતા.

આ વર્ષે જ્ઞાતિજનોની ઈચ્છાને માન આપી દરરોજ સવારે ૧૦–૦૦ વાગે અને સાંજે ૫–૦૦ વાગ્યે પાટણની ચોકીમાં ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ માટે આશાબેન ધિરેનભાઈ પારેખ અને વિનુભાઈ દ્વારકાદાસ પરીખ દ્વારા આર્થિક સહાય આપવામાં આવી હતી.

પાટણની દરેક ચોકીમાં ચા પીવા માટે મગ આપવામાં આવ્યા. આ માટે અક્ષય વિપીનચંદ્ર પરીખ દ્વારા આર્થિક મદદ કરવામાં આવી હતી.

આઠમના દિવસે વરઘોડા બાદ સંઘનું વિસર્જન થયું.

**– સુનિલ પી. શાહ**

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરા

ૐ શ્રી વાયવે નમઃ

ચૈત્ર સુદ – ૬ નો હવન શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરા ખાતે ખૂબ સારી રીતે આયોજીત કરવામાં આવેલ. મંદીરના કાર્યકરોની વાયડ ખાતે હાજરી હોવાથી, તેઓની અનઉપસ્થિતીમાં પણ હવન કાર્ય, સમય પ્રમાણે જ શરૂ થયું અને આયોજન મુજબ સારી રીતે સંપન્ન થયું.

આજના શુભ દિવસે, કુળદેવતા શ્રી વાયુદેવતાને નવીન વસ્ત્ર ધરાવવામાં આવેલ. અલગ અલગ રંગના નંગના જડતરવાળા મુગટ અને કાનના કુંડળથી ત્રણે સ્વરૂપોને શણગારવામાં આવેલ. સાથે સોનાના હાર, ગુલાબના ફુલના સુંદર હારથી શ્રી વાયુદેવતાજી અને દીતી અને અદીતી માતાના સ્વરૂપો દીવ્ય લાગતાં હતાં. શુભ અવસરને પગલે મંદીરને આસોપાલવના તોરણ તથા લાઈટના તોરણથી શણગારવામાં આવેલ.

દર વર્ષે મંદીરે હવન કરાવતા શ્રી અનિરુદ્ધભાઈ દવે પરદેશ ગયાં હોવાથી તેઓએ આજના હવનની જવાબદારી, તેઓના અનુયાયી શ્રી સુભાષભાઈને સોંપી હતી. તેઓએ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધીથી હવન કરાવ્યો. હવનની શરૂઆત ભૂમિપૂજન, ગણપતિ પૂજન, પિતૃઓનું પૂજન કરાવી, શ્રી વાયુદેવતાજીની પંચધાતુના સ્વરૂપને પંચામૃત સ્નાન, ૪૯ મરૂતગણોનું સ્મરણ તથા અગ્નિકુંડમાં તેઓને આહુતી આપવામાં આવી. હવનમાં સ્થાપિત સૌ દેવો (નવગ્રહ વગેરે)નું પણ પુજન કરવામાં આવ્યું. સાંજના ૬.૦૦ કલાકે વિધિસર શ્રીફળ હોમવામાં આવ્યું. ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો દ્વારા આરતીનો પણ લાભ મેળવવામાં આવ્યો. સૌએ કુળદેવતા અને વાયડમાતાનો જયઘોષ કરવામાં આવ્યો. સૌ જ્ઞાતિજનો પ્રસાદ મેળવી કૃતજ્ઞ થયાં અને કુળદેવતાને પગે લાગી, તેઓની કૃપાને પાત્ર થયા.

આજના શુભ દિવસે નિમિષાબેન પારેખ અને તન્વીબેન કીનખાબવાળા તરફથી એક એક સાડી ભેટ ધરવામાં આવી.

--------------

ચાલુ વર્ષે પણ ચૈત્ર સુદ – ૬ના હવન નિમિત્તે વાયડ જવા માટે, વડોદરા વાયડા વણિક જ્ઞાતિજનો માટે ૧ દિવસ માટે એક બસ અને ૩ દિવસ માટે ૧ બસ એમ બે બસનું આયોજન ટોકન રકમ ઉઘરાવી કરવામાં આવ્યું. તા. ૧૦/૪ ના રોજ રાત્રે વડોદરાથી નીકળી સવારે ૬–૦૦ વાગે બંને બસો વાયડ આવી ગઈ. ૧ દિવસની બસમાં ૧૨ અને ૩ દિવસની બસમાં ૨૮ જ્ઞાતિજનોનો સમાવેશ થયો હતો. થોડા જ્ઞાતિજનો,

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

પોતાની રીતે અગાઉથી ત્યાં આવી ગયેલ. જ્ઞાતિજનોની સવલત માટે, અગાઉથી ત્યાં પધારેલ શ્રી દિનેશભાઈ બનાતવાલા અને શ્રી જીગ્નેશભાઈ પારેખ દ્વારા સફાઈ કરાવવામાં આવેલી. સૌ ચૌકીઓમાં ગોઠવાઈ ગયાં અને પરવારીને તુરંત માતાજીના દર્શનનો લાભ મેળવ્યો.

બપોર સુધીમાં ઘણાં જ્ઞાતિજનો પોતપોતાના વાહનો દ્વારા પણ વાયડ આવી પહોંચ્યા અને ચૈત્ર – સુદ ૬ના હવનમાં ઉપસ્થિત રહી, શ્રીફળ હોમાયા બાદ, મહાઆરતી તેમ જ મહાપ્રસાદનો લાભ મેળવ્યો. પોતાના વાહનથી આવેલ જ્ઞાતિજનો પરત ફરવા માંડયા. રાત્રે ૮–૦૦ કલાકે એક દિવસની બસ પણ વડોદરા જવા રવાના થઈ. સાતમના દિવસે સવારે ત્રણ દિવસની બસમાં આવેલ સૌ સવારે પરવારીને, પાટણ ખાતે શ્રી દ્વારકાધીશની હવેલી તથા શ્રી ગિરીરાજજીની નવીન હવેલી એ રાજભોગના દર્શન કરી પરત આવ્યા. બપોર બાદ વડોદરાના વાયડા જ્ઞાતિના શ્રી કિરણભાઈ શાહ દ્વારા, જ્ઞાતિજનોના સહયોગથી, વાયડ ગામના છોકરા છોકરીઓને સંગીત ખુરશી, કોથળા દોડ, રસ્સી ખેંચ જેવી રમતો રમાડીને ઈનામો મોટી સંખ્યામાં આપવામાં આવ્યા. જેનો આનંદ બાળકોના ચહેરા ઉપર દેખાઈ આવતો હતો. ગામના છોકરાઓને ઈનામ આપવા માટે એક જ્ઞાતિજન તરફથી કાયમી સહકાર મળેલ છે. છઠ અને સાતમની રાત્રે ગામના લોકો માટે, ગુજરાતી પિક્ચરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે માટે શ્રી અશોકભાઈ શાહ દ્વારા ઘણી મહેનત કરવામાં આવેલ.

આઠમના દિવસે સવારે સૌ વેળાસર તૈયાર થઈ, માતાજીના વરઘોડાનો આનંદ મેળવવા મંદીરે હાજર થઈ ગયાં. નિયત સમય, માતાજીને પાલખી માં પધરાવી, નિયત રૂટ પર માતાજીનો વરઘોડો કાઢવામાં આવ્યો. પાટણથી ખાસ મંગાવવામાં આવેલું રાજકમલ બેન્ડ દ્વારા માતાજીના ભજનો અને ગરબાની રમઝટ કરવામાં આવી. સૌએ મનભરીને તેનો આનંદ મેળવ્યો. વરઘોડા બાદ, માતાજીને મંદિરે પધરાવી, માતાજીની આરતીનો લાભ સૌએ મેળવ્યો. બપોરે ૧૨.૦૦ કલાકે પ્રસાદ આરોગી લગભગ ૧–૦૦ વાગ્યા પછી વડોદરાની બસમાં જ્ઞાતિજનો, માતાજીના મનોહર સ્વરૂપને હૃદયમાં પધરાવી માતાજીનો જયઘોષ કરી, વડોદરા જવા રવાના થયા. રસ્તામાં સૌ માટે ચા–કોફીની વ્યવસ્થા હતી. રાત્રે ૮–૦૦ કલાકે બસ વડોદરા સુખરૂપ આવી ગઈ.

કોઈપણ જાતના વિઘ્ન વગર વાયડ જઈ પરત આવ્યાં તે ખરેખર સૌ ઉપર પરમકપાળુ શ્રી વાયડ માતાની કૃપા જ કહેવાય.

**– કશ્યપભાઈ શ્રોફ, વાયડા વણિક સમાજ, વડોદરા**

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

**શ્રી વાયડ માતાજીની આરતી અને વરઘોડાની ઉછામણી**
**તા. ૯-૪-૧૯ થી ૧૩-૪-૧૯**
**સંવત ૨૦૭૫ ચૈત્રી સુદી ચોથ થી આઠમ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ચૈત્ર સુદી ૪ સાંજની આરતી | | |
| | ચંદ્રિલભાઈ નગીનદાસ શાહ | અમદાવાદ | ૫૦૧ |
| ૨. | ચૈત્ર સુદી ૫ સવારની આરતી | | |
| | ઉમાકાન્તભાઈ જે. પરીખ | અમદાવાદ | ૧૬૦૦ |
| ૩. | ચૈત્ર સુદી ૫ સાંજની આરતી | | |
| | મેહુલભાઈ રમેશચંદ્ર પરીખ | પાટણ, અમદાવાદ | ૨૭૦૧ |
| ૪. | ચૈત્ર સુદી ૬ ઉછામણીથી હવનમાં બેસવાના | | |
| | ડો. જયેશભાઈ વિનોદચંદ્ર પરીખ | પાટણ, અમદાવાદ | ૪૧૦૦૦ |
| ૫. | ચૈત્ર સુદી ૬ ચીઠ્ઠીથી હવનમાં બેસવાના | | |
| | ચંદ્રકાન્ત હિંમતલાલ પરીખ પરીવાર | વડોદરા | ૭૫૦૦ |
| ૬. | ચૈત્ર સુદી ૬ ધ્વજાદંડ ચડાવવાના | | |
| | ચંદ્રકાન્ત હિંમતલાલ પરીખ પરીવાર | વડોદરા | ૩૫૦૦ |
| ૭. | ચૈત્ર સુદી ૬ સવારની આરતી | | |
| | ભારતીબેન કે. શાહ | પાટણ | ૩૬૦૧ |
| ૮. | ચૈત્ર સુદી ૬ સાંજની આરતી | | |
| | એક વૈષ્ણવ | વડોદરા | ૩૦૦૦૦ |
| ૯. | ચૈત્ર સુદી ૭ સવારની આરતી | | |
| | જશંવતભાઈ શાહ અને પ્રતિકભાઈ શાહ | કચ્છ-માંડવી | ૩૨૦૦ |
| ૧૦. | ચૈત્ર સુદી ૭ સાંજની આરતી | | |
| | જતીનભાઈ જશવંતલાલ પરીખ | પાટણ | ૪૦૦૧ |
| ૧૧. | ચૈત્ર સુદી ૮ સવારની આરતી | | |
| | સ્વ. કાન્તીલાલ કે. પરીખ | કડી, અમદાવાદ | ૧૫૫૦૧ |
| | હ. દિપકભાઈ કે. પરીખ | | |

**- અજયભાઈ એ. પરીખ, પાટણ, મંત્રી**

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## ચૈત્ર સુદી ૮ વરઘોડાની ઉછામણી

| | | |
|---|---|---|
| ૧. શ્રી માતાજીની પાલખી ઉપર છત્રી | | |
| ગીતાબેન દિપકભાઈ વ્રજલાલ શાહ | અમદાવાદ | ૨૧૦૦ |
| ૨. શ્રી માતાજીને દૂધની ધારાવાહી | | |
| જયંતીલાલ મફતલાલ પંચાલ | વિસલવાસણા | ૩૧૦૦ |
| ૩. શ્રી માતાજી પાસે ત્રિશૂળ | | |
| કમલેશ બાલચંદ પંચાલ | વાગડોદ | ૫૦૧ |
| ૪. શ્રી માતાજી પાસે નામણ દીવો | | |
| સતીષભાઈ ગોપાળજી શાહ | માંડવી | ૬૦૧ |
| ૫. શ્રી માતાજીની પાલખીનો પહેલો છેડો | | |
| યોગેશભાઈ જયચંદદાસ પંચાલ | વાગડોદ | ૫૦૧ |
| ૬. શ્રી માતાજીની પાલખીનો બીજો છેડો | | |
| બાલચંદ નાથાલાલ પંચાલ | વાગડોદ | ૧૧૦૦ |
| ૭. શ્રી માતાજીની પાલખીનો ત્રીજો છેડો | | |
| કરશનભાઈ ઓખાભાઈ પંચાલ | સમૌ | ૧૧૦૦ |
| ૮. શ્રી માતાજીની પાલખીનો ચોથો છેડો | | |
| દશરથલાલ ઈશ્વરલાલ પંચાલ | વાગડોદ | ૫૦૧ |
| ૯. શ્રી માતાજીને પાલખીમાં પધરાવાના | | |
| આશાબેન ધીરેનભાઈ પારેખ | પાટણ | ૫૧૦૦ |
| ૧૦. શ્રી માતાજીની પાદુકા પાલખીમાં પધરાવાના | | |
| ચંદ્રકાન્ત હિંમતલાલ પરીખ પરીવાર | વડોદરા | ૩૫૦૦ |
| ૧૧. શ્રી માતાજીને ફુલનો હાર પહેરવાના | | |
| અરવિંદભાઈ ગોપાળદાસ શાહ | માંડવી | ૧૪૦૦ |
| ૧૨. શ્રી માતાજીને પોંખવાના | | |
| આશાબેન ધીરેનભાઈ પારેખ | પાટણ | ૩૦૦૧ |
| ૧૩. શ્રી માતાજીને મંદીરમાં પધરાવવાના | | |
| અરવિંદભાઈ ગોપાળદાસ શાહ | માંડવી | ૩૧૦૦ |
| ૧૪. શ્રી માતાજીની પાદુકા મંદીરમાં પધરાવના | | |
| શ્રી દિનેશભાઈ | વડોદરા | ૨૧૦૦ |

**– અજયભાઈ એ. પરીખ, પાટણ, મંત્રી**
**મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩**

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક :** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૭, અશ્વમેઘ સોસાયટી, બેંક ઓફ મહારાષ્ટ્રની પાછળની લાઈન, દીરજ સન્સની સામે, કસક સર્કલ પાસે, ભરૂચ-૩૯૨૦૦૧.

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## જન્મ

**વડોદરા** - Seattle (સિઆટેલ) : શ્રી પિયુષ ધનસુખભાઈ શાહ ને ત્યાં પુત્ર આદિત્યનો જન્મ તા. ૧૮-૩-૨૦૧૯ ના રોજ. આ પ્રસંગે વાયડામિત્રને રૂા. ૫૦૧/- ભેટ આપેલ છે.

## લગ્ન

**ભરૂચ -** શ્રી કશ્યપભાઈ એન. શાહ ના સુપુત્ર ચિ. જીનીશ ના શુભલગ્ન કડોદનિવાસી શ્રી નિલેશભાઈ શાહની સુપુત્રી ચિ. ત્રિશા સાથે તા. ૯-૨-૨૦૧૯ના રોજ.

**પાટણ -** હાલ ભૂજનિવાસી શ્રી દીલીપકુમાર રમણલાલ પરીખના સુપુત્રી ચિ. જાનકીના શુભલગ્ન મુંબઈનિવાસી શ્રી અશ્વિનભાઈ જેઠાલાલ શાહના સુપુત્ર ચિ. રોહન સાથે તા. ૧૦-૨-૨૦૧૯ના રોજ. આ પ્રસંગે વાયડામિત્રને રૂા. ૫૦૧/- ભેટ મળેલ છે.

**અમદાવાદ -** હેતલ દિનેશચંદ્ર પરીખની સુપુત્રી ચિ. દ્રષ્ટિના શુભલગ્ન તા. ૧૨-૩-૨૦૧૯ના રોજ. આ પ્રસંગે વા.મિ ને રૂ. ૫૦૧/- ભેટ મળેલ છે

## અવસાન

**અમદાવાદ -** હેમલતાબેન મૂળજીભાઈ શાહ, તા. ૧૬-૪-૨૦૧૯ ના રોજ.
ઉ.વર્ષ ૮૮.

**અમદાવાદ -** સુધાબેન પ્રવિણચંદ્ર શાહ, તા. ૨૦-૪-૧૯ ના રોજ.
ઉ.વર્ષ-૮૫

**અમદાવાદ -** દિપ્તીબેન રાજુભાઈ પરીખ, તા. ૨૧-૪-૨૦૧૯ ના રોજ
ઉ.વર્ષ-૫૩

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

## ।। તા. ૧-૪-૨૦૧૯ થી ૩૦-૦૪-૨૦૧૯ સુધી મળેલ રકમની યાદી ।।

| પહોંચ નં. | રકમ રૂ. | નામ | ગામ | વિગત |
|---|---|---|---|---|
| ૧૦૦૧ | ૩૦૦ | શ્રી શ્રેણિકભાઈ એન. પરીખ | અમદાવાદ | જા.ખ. |
| ૧૦૦૨ | ૩૦૦ | વિનોદ સર્જીકલ હોસ્પિટલ | અમદાવાદ | દિ.જા.ખ. |
| ૧૦૦૩ | ૫૦૧ | શ્રી પિયુષભાઈ ધનસુખલાલ શાહ | અમદાવાદ | ભેટ |
| ૧૦૦૪ | ૩૦૦૦ | વિધિ ટ્રાવેલ્સ | અમદાવાદ | દિ.જા.ખ. |
| ૧૦૦૫ | ૬૦૦ | શ્રી સતિષભાઈ વી. શાહ | કોલ્હાપુર | પેનલ |
| ૧૦૦૬ | ૫૦૦ | શ્રી હેતલભાઈ દિનેશભાઈ પરીખ | – | ભેટ |
| ૧૦૦૭ | ૧૫૦૦ | શ્રી કાંતીલાલ હરીદાસ શાહ | ભૂજ | દિવાળી |
| ૧૦૦૮ | ૬૦૦ | શ્રી નરેશભાઈ આર. શાહ | અમદાવાદ | પેનલ |
| ૧૦૦૯ | ૧૦૦૦ | શ્રી અશ્વિનભાઈ લક્ષ્મીદાસ શાહ | ભૂજ | દિ.જા.ખ. |
| ૧૦૧૦ | ૧૦૦ | શ્રી પ્રતિકભાઈ ભરતભાઈ શાહ | ભૂજ | દિ.જા.ખ. |
| ૧૦૧૧ | ૧૨૦૦ | શ્રી જમનાદાસ ભીમજી વાયડા પ. | ભૂજ | પેનલ જા. |
| ૧૦૧૨ | ૬૦૦ | પ્રવિણાબેન દીપકભાઈ દલાલ | મુંબઈ | પેનલ જા. |
| ૧૦૧૩ | ૬૦૦ | જયોતિબેન કેશવલાલ શાહ | મુંબઈ | પેનલ જા. |
| ૧૦૧૪ | ૧૨૦૦ | શ્રી લક્ષ્મીદાસ ગોપાલજી શાહ | માંડવી | દિ.જા.ખ. |
| ૧૦૧૫ | ૫૦૦ | શ્રી લક્ષ્મીદાસ ગોપાલજી શાહ | માંડવી | ભેટ |
| ૧૦૧૬ | ૨૦૦૦૦ | શ્રી વાયડ કન્સ્ટ્રક્શન કુ. | મુંબઈ | જા.ખ. |
| ૧૦૧૭ | ૫૦૧ | શ્રી દીલીપભાઈ રમણલાલ પરીખ | ભુજ | ભેટ |
| ૧૦૧૮ | ૧૫૦૦ | શ્રી ક્ષિતીશભાઈ કિનખાબવાલા | – | દિ.જા.ખ. |

**– વ્યવસ્થાપક**

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

ગો. ચંદનબહેન ગો સરોજબહેનનાં સર્વેને જય શ્રી કૃષ્ણ – હ. કેતનભાઈ

# શ્રદ્ધાંજલિ

★★★



**ગં.સ્વ. લીલાવતીબેન(નર્મદાબેન) લાલજી શાહ**

જન્મ : ૩૦–૦૪–૧૯૩૩ શ્રીજી ચરણ : ૨૭–૦૩–૨૦૧૯

આપનું ભાવભીનું સ્મરણ,
સદાય આંખોને ભીની રાખે છે,
આપનો નિસ્વાર્થ પ્રેમ,
તથા અંતરની લાગણીનો અનુભવ,
ક્યારેય ભૂલી શકાય તેમ નથી,
જન્મો જન્મ આપ જ અમારા સ્વજન તરીકે મળો,
એવી પરમકૃપાળુ પ્રભુને અંતરની પ્રાર્થના.

**શોકાતુર**

સ્વ. માલતીબેન નીતીનકુમાર ગાંધી
જીતેન્દ્ર લાલજી શાહ
અ.સૌ. જયશ્રીબેન જીતેન્દ્ર શાહ
અ.સૌ. ચારૂલતા કૌશીકભાઈ શાહ
પ્રતિક જીતેન્દ્ર શાહ

સ્વ. સુશીલાબહેન અને સ્વ. વ્રજરત્નદાસ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. રાધિકા પરીખ

## પંચમ પુણ્યતિથિએ હૃદયાંજલિ ★★★



**સ્વ. શ્રી ઈન્દિરાબહેન ગુણવંતલાલ કૃષ્ણલાલ શાહ**

જન્મ : ૧૯-૧૧-૧૯૨૮ શ્રીજી ચરણ : ૧૨-૦૫-૨૦૧૪

શું ગુણગાન ગાઈએ આપનાં,
સાથે રહી અમે શીખ્યાં સમભાવના,
યાદ રહી ગઈ અમને ફૂલોની સુવાસમાં,
બે કર જોડી કરીએ ચરણમાં વંદના,

**પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના**

**પીયૂષ • સ્મિતા • સમીપ • મમતા • કાવ્યા • આહના • હિમાંશુ • ભાવના • નિશિ • અનુપ • નાયશા • દિતીન**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No.6316/57. Permitted to post at Ahmedabad PSO on 10th of every month under postal regd. No. MEH Dn.-296 issued by SSP, Mehsana, Valid upto 31-12-2021
પ્રકાશન ૧૦-૫-૨૦૧૯



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,**
**અટીરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૫**

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH